# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૧ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૧૭



'મંગ' એટલે પવિત્રતા અને 'લ' એટલે પ્રાપ્તિ. આત્મા આનંદસ્વરૂપ છે. તેના આનંદની પ્રાપ્તિ થવી તે માંગલિક છે. વસ્તુ આનંદસ્વરૂપ છે, પણ પર્યાયમાં તેની પ્રાપ્તિ થવી તે માંગલિક છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. તેની પર્યાયમાં પ્રાપ્તિ થવી તે મંગલ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● બરાબર નિહાળો ! આ શરીરમંદિરમાં આ ચેતનદીપક શાશ્વતો છે. મંદિર તો છૂટે છે પણ શાશ્વત રત્નદીપક જેવો ને તેવો રહે છે. વ્યવહારમાં તમે અનેક સ્વાંગ નટની જેમ ધરો છો, પણ નટ તો જેવો ને તેવો રહે છે. ૧૫૯૧.

*(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૪૧)*

● આસન લગાવીને ધ્યાન કરે છે, ઇન્દ્રિયોનું દમન કરે છે, શરીર સાથે પોતાના આત્માનો કાંઈ સંબંધ ગણતો નથી, ધન–સંપત્તિનો ત્યાગ કરે છે, શરીરને રાખથી ચોળે છે, પ્રાણાયામ આદિ યોગ સાધન કરે છે, સંસાર અને ભોગોથી વિરક્ત રહે છે, મૌન ધારણ કરે છે, કષાયોને મંદ કરે છે, વધ–બંધન સહન કરીને દુઃખી થતો નથી. તે મૂર્ખ આવી ક્રિયાઓ કરે છે પરંતુ આત્મસત્તા અને અનાત્મસત્તાનો ભેદ જાણતો નથી. ૧૫૯૨.

*(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરાદ્વાર, પદ-૧૦)*

● લોકમેં જો દુર્બુદ્ધિ મનુષ્ય મરણકો પ્રાપ્ત હુએ મનુષ્યકે લિયે શોક કરતા હૈ વહ અપને પરિશ્રમકા વિચાર ન કરકે માનોં આકાશકો મુઠ્ઠિયોંસે આહત કરતા હૈ અથવા (તેલકે નિમિત્ત) બાલુકે સમૂહકો પીલતા હૈ. ૧૫૯૩.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૭૩૦)*

● હે ભવ્ય જીવ ! યદિ તૂ આત્માકા હિત કરના ચાહતા હૈ તો નિમ્ન કામ કર :–ઈસ ભયાનક સંસારકે દુઃખોંસે ભય કર, જિનશાસનમેં પ્રેમ કર ઔર પૂર્વ કિયે હુએ પાપકા શોક કર. ૧૫૯૪. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૬૮)*

● નિઃશંક વંદના કરો, નિંદા કરો, પ્રતિક્રમણાદિ કરો, લેકિન જિસકે જબ તક અશુદ્ધ પરિણામ હૈ, ઉસકે નિયમસે સંયમ નહીં હો સકતા, ક્યોંકિ ઉસકે મનકી શુદ્ધતા નહીં હૈ, જિસકા મન શુદ્ધ નહીં, ઉસકે સંયમ કહાંસે હો સકતા હૈ ? ૧૫૯૫. *(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૬૬)*

● આર્ય પુરુષોંને તરાજૂમેં એક તરફ તો સમસ્ત પાપોંકો રખ્ખા ઔર એક તરફ અસત્યસે ઉત્પન્ન હુએ પાપકો રખકર તૌલા તો દોનોં સમાન હુએ. ભાવાર્થ– અસત્ય અકેલા હી સમસ્ત પાપોંકે બરાબર હૈં. ૧૫૯૬.

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૯, શ્લોક-૩૩)*

વર્ષ–૧૧
અંક–૫




વિ. સંવત
૨૦૭૩
January
A.D. 2017




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૩-૫-૪૪, સોમવાર) વ્યાખ્યાન નં. ૧૪
(ગાથા ૧૩)

આચાર્યદેવ કહે છે કે :—ખરેખર પરમાત્મા અને આ આત્મામાં જે કિંચિત્ ફેર માને તે મિથ્યાદ્રષ્ટિ મહાપાતકી છે, આત્માના ગુણની તે હિંસા કરે છે. આત્મા જ્ઞાનાનંદ પવિત્ર સ્વભાવે ભર્યો છે, તેમાં અવસ્થાનું લક્ષ કરવું નહીં કેમકે અવસ્થા ક્ષણિક છે, અવસ્થા જેટલો આત્મા નથી. જેણે રાગ જેટલો આત્માને માન્યો અથવા તો વીતરાગદશા જેટલો આત્મા માન્યો તેણે બીજા અનંત ગુણનો અને અનંત પર્યાયના પિંડનો અનાદર કર્યો છે. જેણે આત્માને પર્યાય જેટલો માન્યો તેણે દ્રવ્યને એક સમય પૂરતું માન્યું. વીતરાગપર્યાય પણ એક સમય પૂરતી જ છે, તે પર્યાય જેવડો જ જેણે આત્મા માન્યો તેણે ત્રિકાળી વસ્તુને માની નહીં, એટલે તેની માન્યતામાં તેણે અનંતા ગુણો અને અનંતી પર્યાયનો અનાદર કર્યો તે જ અનંતું પાપ છે, તેના જેવો કોઈ પાપી નથી. અખંડ પરિપૂર્ણ વસ્તુને લક્ષમાં લીધા વિના નિર્મળ દશા પ્રગટે નહીં.

વસ્તુ તો જેમ છે તેમ છે તેમાં તકરાર શું? વસ્તુમાં કાંઈ પણ આડુંઅવળું ચાલે તેમ નથી. શરીર, મન, વાણી તે તો પર છે. પુણ્ય-પાપનો નિષેધ તો ક્યાંય ગયો, અહીં તો તારી વીતરાગપર્યાયનો પણ નિષેધ છે, કેમકે તું પર્યાય જેટલો નથી. પર્યાય એક

> જીવભાવ, પુદ્ગલભાવ—બન્ને ભાવને જેથી કરે,
> તેથી જ મિથ્યાદ્રષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬. –શ્રી સમયસાર

સમય પૂરતી છે, તે ★અભૂતાર્થ છે અને સમ્યગ્દર્શન અભૂતાર્થ પર્યાયને વિષય કરતું નથી. અહીં તો માલવાળું ત્રિકાળી દ્રવ્ય પડ્યું છે તેની કિંમત છે; તેમાં રાગ તો ક્યાંય રહ્યો, પણ જે નિર્મળ અવસ્થા તે પણ મચક ખાય છે—બદલી જાય છે, એકરૂપ વસ્તુ જેમાં મચક નથી એનો જ સમ્યગ્દર્શનને આશ્રય છે—એ જ સમ્યગ્દર્શનનો વિષય છે.

અંદર ચૈતન્ય ધ્રુવ શાશ્વત પડ્યો છે, તેની નિર્મળ પર્યાય પણ અનિત્ય છે, તો બહારનું લક્ષ જાય તે વિકારી પર્યાયની તો વાત જ ક્યાં રહી?

ભગવાનની પ્રતિમા પણ નાશવાન છે. તને રાગનો વિકલ્પ ઊઠ્યો તે પણ નાશવાન છે અને અંદર જે નિર્મળ દશા ઊઘડે તે પણ નાશવાન છે, તો હવે તારે કોને અવિચળ બનાવવું છે? તે વચ્ચે હોય એ જુદી વાત છે, પણ અમે આ કર્યું, અમારાથી આ થાય છે અથવા તેનાથી ધર્મ થાય છે એમ માને તો દૃષ્ટિ ખોટી છે. ત્રિકાળી ધ્રુવનો આશ્રય ચૂકીને જે બહારમાં લક્ષ જાય, કે પર્યાયમાં લક્ષ જાય તે બધું વિકારનું (ક્ષણિકનું) લક્ષ છે.

દર્શનઉપયોગ તે પણ ધ્રુવ છે. વસ્તુ, ગુણ અને તેની અવસ્થા ત્રિકાળ એકરૂપ જ છે તે સમ્યગ્દર્શનનું લક્ષ છે. આ સમજણ અનંત કાળમાં કરી નથી, આ સમજવું એ જ અપૂર્વ છે અને તેમાં અનંતો પુરુષાર્થ છે. સંસાર સંબંધી કામમાં બુદ્ધિનો ઉઘાડ તે પૂર્વના કારણે છે, વર્તમાન ડહાપણનું તે ફળ નથી પણ પૂર્વનો ઉઘાડ લઈને આવ્યો છે તે દેખાય છે—છતાં તેમાં કેટલી કાળજી રાખે છે! ત્યાંની કાળજી તો સંસારનું કારણ છે, અને આ સંસારના મૂળિયાં તોડવાનો ઉપાય આત્માની સમજણ કરવામાં વર્તમાનમાં અનંતા પુરુષાર્થની જરૂર પડે છે, આ સમજણ કરે તો આત્માનો અપૂર્વ લાભ થાય, અને આ સમજે નહિ તો આત્માનો લાભ થાય નહીં. ૧૩.

ગાથા ૧૪ મી.

તેરમી ગાથામાં સ્વભાવદર્શનઉપયોગનું વર્ણન કર્યું, હવે ચૌદમી ગાથામાં વિભાવદર્શનઉપયોગનું ઊણીપર્યાયનું વર્ણન કહે છે. દર્શનઉપયોગનો અધિકાર ચાલે છે, બહુ ઝીણો અધિકાર છે.

**चक्खु अचक्खू ओही तिण्णिवि भणिदं विभावदिच्छित्ति।**
**पज्ञाओ दुवियप्पो सपरावेक्खो य णिरवेक्खो॥१४॥**

★ અભૂતાર્થનો અર્થ ''અભાવરૂપ'' થતો નથી, પણ ''ત્રિકાળી નહીં'' એવો થાય છે.

**મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને**
**અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભયપ્રકાર છે. ૮૭. —શ્રી સમયસાર**

चक्षुरचक्षुरवधयस्तिस्रोपि भणिता विभावदृष्टिरिति।
पर्य्यायो द्विविकल्पः स्वपरापेक्षश्च निरपेक्षः॥१४॥

અર્થ :—ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન એ ત્રણેને વિભાવદર્શન કહેવામાં આવ્યાં છે; પર્યાય બે પ્રકારની હોય છે, એક સ્વપર અપેક્ષિત અને બીજી નિરપેક્ષ.

અવસ્થા બે પ્રકારની છે :—૧–સ્વપરઅપેક્ષિત, ૨–નિરપેક્ષ. આ ગાથામાં દર્શનગુણની ઊણી અવસ્થાને અશુદ્ધકાર્ય-સ્વભાવ કહ્યો છે, તે જ વિભાવદર્શનઉપયોગ છે. જેમ મતિજ્ઞાનાવરણના ઉઘાડથી મતિજ્ઞાન પરપદાર્થને-રૂપી વસ્તુને જાણે છે તેમ ચક્ષુદર્શનાવરણના ઉઘાડથી ચક્ષુદર્શન મૂર્તિક પદાર્થને દેખે છે. જાણવાના પદાર્થ તરફ લક્ષ કરવા પહેલાં જાણવાની તાકાતવાળો આત્માનો વેપાર તે દર્શનઉપયોગ છે. ચક્ષુ સંબંધી મતિજ્ઞાન પહેલાં આત્માનો સામાન્ય વેપાર તે ચક્ષુદર્શન છે, મૂર્તવસ્તુને જાણે એ તો જ્ઞાનનો વિષય છે, પણ જ્ઞાન પહેલાં તે તરફ ચૈતન્યના વ્યાપારનું વલણ થવું તે દર્શન છે.

જેણે ધર્મ કરવો છે તેણે પ્રથમ આત્મા અંદર નિર્મળ દ્રષ્ટાશક્તિ (દર્શનગુણ) થી ભરેલો છે, પુણ્ય-પાપ તો ક્ષણિક વિકાર છે–તે રહિત દ્રષ્ટાશક્તિ ત્રિકાળ શુદ્ધ છે તેની શ્રદ્ધા કરવી પડશે. દર્શન એટલે 'શ્રદ્ધા' પ્રગટે છે તે નહીં પણ શ્રદ્ધાનો વિષય દર્શન છે તેની અહીં વાત છે. પરનું દર્શન તો નિમિત્તથી કહેવા માત્ર છે, અંદર આત્મા પૂર્ણ ગુણોથી અને અનંતી અવસ્થાઓથી ભરેલો છે. તેમાં એક દર્શનગુણ ત્રિકાળ છે અને તેનો દેખવારૂપ વ્યાપાર તે દર્શનઉપયોગ છે. આચાર્ય ભગવાન કહે છે કે :— દર્શનગુણ–દ્રષ્ટાશક્તિ આત્મામાં અનાદિ અનંત છે, એકલો દર્શનગુણ નથી પણ દર્શનગુણ સાથે જ્ઞાન, ચારિત્ર, વીર્ય વગેરે અનંત ગુણો છે. એકરૂપ દર્શનઉપયોગ અંદર કાયમી ભાવ છે, તે શ્રદ્ધા, જ્ઞાન, આનંદ સહિત છે; તેની પ્રતીતિ, તેનું જ્ઞાન અને તેમાં સ્થિરતા તે મોક્ષનો ઉપાય છે. આત્માની અંદર એકરૂપ દ્રષ્ટાશક્તિનો સહજ સ્વાભાવિક અંતર વ્યાપાર તેનાં શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા તે ધર્મમાર્ગ છે, અરૂપી આત્મસ્વભાવનાં નિર્મળશ્રદ્ધા–જ્ઞાન અને રમણતા તે મોક્ષનો માર્ગ છે.

આત્મા અરૂપી વસ્તુ છે, તેમાં અનંત ગુણો ત્રિકાળી છે, તેમાં દર્શનગુણ ત્રિકાળ છે અને તે દર્શનગુણનો વેપાર પણ ત્રિકાળ એકરૂપ છે. એનાં શ્રદ્ધા–જ્ઞાન અને સ્થિરતા

(જુઓ અનુસંધાન પેજ નં. ૯ ઉપર)

**મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્‌ગલકર્મ છે;**
**અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮.** **–શ્રી સમયસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**अप्पपसंसण करणं पुज्जेसु वि दोस गहणसीलत्तं।**
**वेरधरणं च सुइरं तिव्वकसायाण लिंगाणि॥६२॥**

**અર્થ :—**પોતાની પ્રશંસા કરવી, પૂજ્ય પુરુષોના પણ દોષ ગ્રહણ કરવાનો સ્વભાવ રાખવો તથા ઘણા કાળ સુધી વેર ધારણ કરી રાખવું;—એ તીવ્રકષાયી જીવોનાં ચિહ્ન છે. ૯૨.

પોતાની પ્રશંસા કર્યા કરે, પૂજ્ય પુરુષોની પણ નિંદા કરે, કોઈ પ્રત્યે વેર ધારણ કરી રાખવું એવો તીવ્ર ઈર્ષાભાવ—તે બધાય તીવ્ર કષાયના દૃષ્ટાંતો છે. તે પાપ આસ્રવના કારણો છે.

પુરુષાર્થસિદ્ધઉપાયની ૧૨૧મી ગાથામાં તીવ્રકષાય માટે બિલાડીનું અને મંદ કષાય માટે હરણનું ઉદાહરણ આપ્યું છે. તે આ પ્રમાણેઃ લીલા ઘાસનાં અંકુર ચરવાવાળા હરણના બચ્ચામાં (એ ઘાસ ચરતી વેળા) પણ તે સંબંધી મૂર્છા મંદ હોય છે ત્યારે તે જ હિંસા ઉંદરોના સમૂહનું ઉન્મંથન કરવાવાળી બિલ્લીમાં તીવ્ર હોય છે. હરણ તો સ્વભાવથી જ લીલાં ઘાસની અધિક શોધમાં રહેતું નથી. છતાં જ્યારે તેને લીલું ઘાસ મળી જાય તો તે થોડું ઘણું ખાઈને તેને છોડીને ભાગી જાય છે, પરંતુ બિલ્લી તો પોતાના ખાદ્યપદાર્થની તપાસમાં સ્વભાવથી જ અધિક ચેષ્ટિત રહે છે, વળી તે ખાદ્ય પદાર્થ મળતાં તેમાં એટલી બધી અનુરક્ત થાય છે કે માથા ઉપર ડાંગ મારવાં છતાં પણ તેને છોડતી નથી. એટલે આ હરણ અને બિલ્લી એ બે મંદ અને તીવ્રકષાયના સરલ અને પ્રગટ ઉદાહરણ છે.

બિલાડીને તો પોતાના ખાદ્ય પદાર્થ વગેરેમાં તીવ્ર ગૃદ્ધિભાવ છે, જ્યારે હરણનું બચ્ચુ તો લીલું ઘાસ ખાતાં-ખાતાં જરાક અવાજ થાય તો તે છોડીને ભાગે છે. જો તેને તીવ્ર ગૃદ્ધિભાવ હોત તો તે ખાવાનું છોડીને ભાગત નહિ. આ તો દૃષ્ટાંત છે, પણ તે પ્રમાણે દરેક જીવના તીવ્ર અને મંદ પરિણામનું સમજવું. જેને તીવ્ર મૂર્છા ભાવ છે તેને તીવ્ર કષાય છે. બિલાડીને ઉંદર મારવામાં તીવ્ર કષાય અને તીવ્ર મૂર્છા છે. ઉંદર પાછળ દોડીને ઝપટ

**છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,**
**—મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯. –શ્રી સમયસાર**

મારીને તેને મારી નાંખે છે પછી તેને પકડીને ખાવામાં પણ તેને એવો તીવ્ર ગૃદ્ધિભાવ છે કે કોઈ લાકડી મારે તોપણ ઉંદરને છોડે નહિ. હરણિયું તો જરાક ભય થતાં ઘાસ છોડીને ભાગે છે. એ જ પ્રમાણે કોઈ જીવો વેપાર કે વિષય વગેરેમાં એવા ગૃદ્ધિમય થઈ જાય છે કે રોગની કે મરણની પણ દરકાર કરતા નથી. જેને તીવ્રગૃદ્ધિભાવ હોય તેને ભયનાં કારણો આવવા છતાં પણ તે તેને છોડતો નથી. આવા તીવ્રગૃદ્ધિભાવવાળા જીવને અશુભ કર્મોનો આસ્રવ થાય છે ને કોઈ જીવોને વિષયકષાયમાં મંદ પરિણામ હોય, તે કારણ બનતાં તેને છોડી દે છે, તેને મંદ પરિણામ છે. પૂજા-દયા-વગેરેમાં શુભ પરિણામ થાય તે પુણ્યાસ્રવનું કારણ છે. સંસારમાં ચૈતન્યમૂર્તિ ભગવાનને ભૂલીને કોઈ જીવો તો વિષયોમાં બિલાડીની જેમ એવા ગૃદ્ધિમય થઈ જાય છે કે તેને છોડતા નથી, ને કોઈ જીવોને ઓછી ગૃદ્ધિ હોય છે. કર્મના શૂરા તો ધર્મમાં શૂરા એમ નથી, પણ જે જીવે પોતાનું તીવ્ર ઊંધું વીર્ય કર્યું છે તે જો સવળો પડે તો ધર્મમાં શૂરો થાય—પણ કાંઈ ઊંધું વીર્ય તીવ્ર હતું માટે સવળું વીર્ય થયું એમ નથી.

(૧) સંસારમાં કોઈ જીવો શૂરા હોય ને ધર્મનું કાંઈ ન કરે.

(૨) કોઈ જીવ સંસારમાં શિયાળ જેવા હોય ને ધર્મમાં સિંહ જેવા હોય, સંસારની આવડત ન હોય પણ કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામી જાય.

(૩) કોઈ જીવો સંસારમાં પણ શૂરા હોય ને પછી ધર્મમાં પણ શૂરા હોય.

(૪) કોઈ જીવો સંસારમાં, ધર્મમાં એકેયમાં શૂરા ન હોય. આવા ચાર પ્રકાર છે.

માટે સંસારનાં કામની શૂરવીરતા તે કાંઈ ધર્મનું કારણ નથી. હવે કહે છે કે જે આસ્રવોને છોડતો નથી તેને આસ્રવ ચિંતવન નિષ્ફળ છે.

**एवं जाणंतो वि हु परिचयणीए वि जो ण परिहरइ ।**
**तस्सासवाणुवेक्खा सव्वा वि णिरत्थया होदि ।।६३।।**

**અર્થ :—**આ પ્રમાણે પ્રગટ જાણવા છતાં પણ જે તજવા યોગ્ય પરિણામોને છોડતો નથી, તેનું સર્વ આસ્રવચિંતવન નિરર્થક છે–કાર્યકારી નથી. ૯૩.

જુઓ, આ આસ્રવભાવો તે છોડવા જેવા છે. ચૈતન્યસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં આસ્રવો છૂટી જાય છે. પુણ્ય અને પાપ બંને આસ્રવો છે, એવું જાણવા છતાં

**એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;**
**જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦. –શ્રી સમયસાર**

જે જીવો વિપરીત અભિપ્રાય છોડતા નથી તે જીવોને આસ્રવનું ચિંતવન નિષ્ફળ છે, એટલે કે તેને ખરી આસ્રવ-અનુપ્રેક્ષા હોતી નથી. આસ્રવ તે મારું સ્વરૂપ નથી, એમ જાણીને જો આસ્રવરહિત આત્મસ્વરૂપને ઓળખે ને મિથ્યાત્વાદિ આસ્રવને છોડે તો આસ્રવભાવના સફળ છે.

પુણ્ય-પાપ બંને આસ્રવ છે—એમ બોલે, પણ ઊંધી માન્યતાને છોડે નહિ તેને તો આસ્રવનું ચિંતન પોપટ જેવું છે. એક પોપટને કોઈએ એમ શીખવ્યું કે "જો પોપટ! પારધિ આવશે, દાણા નાખશે, પછી જાળ નાખીને તને પકડશે." પછી પારધિ આવ્યો ને જાળ નાખી, પોપટ ઉપર પ્રમાણે ગોખતો-ગોખતો તે જાળમાં પડ્યો. તેમ અજ્ઞાની જીવ એમ ગોખે છે કે "પુણ્ય-પાપ આસ્રવ છે, છોડવા જેવા છે" પણ પોતે ચૈતન્યનું ભાન કરીને આસ્રવોને છોડતો નથી. કુદેવ-કુગુરુનું સેવન છોડતો નથી, તેવા જીવને આસ્રવનું ચિંતન નિષ્ફળ છે.

આસ્રવ-અનુપ્રેક્ષાનું ચિંતન કરીને પ્રથમ તો તીવ્રકષાય છોડે. કુદેવ-કુગુરુનું પોષણ છોડે ને આત્માનું ભાન કરીને પછી શુદ્ધાત્માનું ધ્યાન કરે અર્થાત્ સર્વ કષાયો છોડે—એ જ ચિંતવનનું ફળ છે. માત્ર વાતો કરે તે કાંઈ સફળ નથી.

હવે કોને આસ્રવનું ચિંતવન સફળ છે તે કહે છે.

**एदे मोहज–भावा जो परिवज्जेइ उवसमे लीणो ।**
**हेयमिदि मण्णमाणो आसव–अणुपेहणं तस्स ।।९४।।**

**અર્થ :—**જે પુરુષ ઉપર કહેલા સઘળા, મોહના ઉદયથી થયેલા, મિથ્યાત્વાદિ પરિણામોને છોડે છે—કેવો થયો થકો? ઉપશમ પરિણામ જે વીતરાગભાવ તેમાં લીન થયો થકો; તથા એ મિથ્યાત્વાદિ ભાવોને હેય અર્થાત્ ત્યાગવા યોગ્ય છે એમ જાણતો થકો—તેને આસ્રવાનુપ્રેક્ષા હોય છે. ૯૪.

મારો ચૈતન્યસ્વભાવ પુણ્ય-પાપરહિત છે, એવા ચિદાનંદ સ્વભાવનું ભાન કરીને તેના ઉપશમભાવમાં લીન થતાં મોહભાવો છૂટી જાય છે, તેવા જીવને ખરી આસ્રવ અનુપ્રેક્ષા હોય છે. હું જ્ઞાયક ચૈતન્ય છું—એવું ભાન કરીને પછી તેમાં અંતર્મુખ એકાગ્રતા વડે ઉપશમભાવમાં લીન થાય છે, તેને આસ્રવો છૂટી જાય છે, તેને જ ખરેખર આસ્રવનું ચિંતવન છે.

> **જે ભાવ જીવ કરે અરે! જીવ તેહનો કર્તા બને;**
> **કર્તા થતાં, પુદ્ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧. –શ્રી સમયસાર**

આસ્રવ પંચ પ્રકારને, ચિંતવે તજી વિકાર,
તે પામે નિજરૂપને એ જ ભાવનાસાર.

મિથ્યાત્વાદિ પાંચ પ્રકારના આસ્રવો છે ને મારો ચિદાનંદસ્વભાવ શુદ્ધ છે, એમ ઓળખીને નિજાનંદની અનુભૂતિમાં લીન થાય છે તે જીવ પોતાના શુદ્ધસ્વરૂપને પામે છે, તેને જ આ ભાવના સારભૂત છે. જેમ ખરો પુત્ર હોય તે બાપના દુશ્મનની પ્રશંસા કરે નહિ, તેમ જેને ચૈતન્યસ્વભાવ રુચ્યો ને વિપરીત અભિપ્રાય છૂટ્યો તે જીવ વિપરીત અભિપ્રાયવાળા જીવોની પ્રશંસા કરે નહિ, જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ સિવાય બીજા ઉપર પ્રેમ કરે નહિ, તેમ ધર્મી જીવ કુદેવાદિને માનતો નથી, કુદેવાદિ ઉપર પહેલાં પ્રીતિ હતી તેમ જો સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને ઓળખીને તેમના પ્રત્યે વિશેષ ભક્તિભાવ ન આવે તો તે કુલટા સ્ત્રી જેવો છે, તેને ચૈતન્યની રુચિ નથી ને તેને એક પણ આસ્રવ છૂટતો નથી, જે જીવ ચૈતન્યસ્વભાવની રુચિ કરે તેને જ ખરી આસ્રવ અનુપ્રેક્ષા હોય છે.

આ બાર ભાવનાનું વર્ણન છે; ભાવના એટલે અનુપ્રેક્ષા, ભાવનાનો અર્થ એવો નથી કે આસ્રવની ભાવના કરવી; પણ તેના સ્વરૂપનો વિચાર કરવો તેનું નામ ભાવના છે. ભાવના કોને હોય ? મારું સુખ મારામાં છે, મારું સુખ કોઈ સંયોગમાં કે પુણ્ય-પાપમાં નથી—એમ જેને આત્મામાં સુખબુદ્ધિ થાય તેને જ આ ભાવનાઓનું ખરું ચિંતવન હોય છે.

(ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૫ થી ચાલુ)

એ જ ધર્મનો ઉપાય છે; શરીર, મન, વાણીની ક્રિયાથી ત્રણકાળ ત્રણલોકમાં ધર્મ થતો નથી. ધર્મ શું ચીજ છે અને તે ક્યાં છે તે સમજ્યા વિના ધર્મ ક્યાંથી હોય? આત્મા દેહથી નિરાળો અરૂપી જ્ઞાનઘન વસ્તુ છે, તેનો દર્શન એ ત્રિકાળી સ્વભાવ છે અને તે દર્શનનો વર્તમાન વ્યાપાર પણ ત્રિકાળ એકરૂપ છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા વગર મોક્ષ નથી. આ સિવાય બીજો માર્ગ કોઈ કહે તો તે ભગવાન તીર્થંકરનો માર્ગ નથી, પણ તેમના (બીજો માર્ગ કહેનારાના) ઘરનો માર્ગ છે.

આ ગાથામાં પૂર્ણ દશા થતાં પહેલાં વચ્ચે દર્શનઉપયોગની એક હાલત ઊઘડે છે તેની વ્યાખ્યા છે. આત્મા જ્ઞાનમૂર્તિ છે, તેમાં 'હું નિર્મળ જ્ઞાનઘનસ્વરૂપ છું' એવી પ્રતીતિ પૂર્વક થતું જે મતિજ્ઞાન–તેના ઉઘાડથી સ્વને જાણવા સાથે પરને પણ જાણે છે તેમ ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી ચક્ષુદર્શનઉપયોગ (અરૂપીદર્શનગુણની નિર્મળ અવસ્થા) મૂર્તિક પદાર્થોને દેખે છે. બહારની આંખો તે ચક્ષુ નહિ પણ અંદર દર્શનગુણની નિર્મળ પર્યાય ઊઘડે છે તે ચક્ષુદર્શન છે.

(ક્રમશઃ) ❋

# સાચી જિનભક્તિમાં વીતરાગતાનો આદર

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

ધર્મીના જરાક શુભભાવનું પણ મહાન ફળ,–તો એની શુદ્ધતાના મહિમાની તો શી વાત! જેને અંતરમાં વીતરાગભાવ ગમ્યો તેને વીતરાગતાનાં બાહ્ય નિમિત્તો પ્રત્યે પણ કેટલો ઉત્સાહ હોય! જિનમંદિર કરાવવાની વાત તો દૂર રહી પણ ત્યાં દર્શન કરવા જવાનીયે જેને ફૂરસદ નથી–એને ધર્મનો પ્રેમ કોણ કહે?

વીતરાગી જિનમાર્ગ પ્રત્યે શ્રાવકનો ઉત્સાહ કેવો હોય ને તેનું ફળ કેવું હોય તે કહે છે—

(शार्दूलविक्रीडित)

**बिम्बादलोन्नतियवोन्नतिमेव भक्त्या**
**ये कारयन्ति जिनसद्म जिनाकृतिं च।**
**पुण्यं तदीयमिह वागपि नैव शक्ता**
**स्तोतुं परस्य किमु कारयितुर्द्वयस्य ॥२२॥**

અર્થ :—જે ભવ્ય જીવ ભક્તિથી કુન્દરૂ વૃક્ષના પાંદડા જેવડા જિનાલય અને જવ(ના દાણા) જેવડી જિનપ્રતિમાનું નિર્માણ કરાવે છે તેમના પુણ્યનું વર્ણન કરવા માટે અહીં વાણી (સરસ્વતી) પણ સમર્થ નથી. તો પછી જે ભવ્ય જીવ તે ( જિનાલય અને જિનપ્રતિમા) બન્નેનું નિર્માણ કરાવે છે તેમના વિષયમાં શું કહેવું? અર્થાત્ તે તો અતિશય પુણ્યશાળી છે જ. ૨૨.

જે જીવ ભક્તિથી બિંબાદલ જેવડું નાનું જિનમંદિર કરાવે છે. તથા જે જવના દાણા જેવડી જિન-આકૃતિ (જિનપ્રતિમા) કરાવે છે તેના પણ મહાન પુણ્યનું વર્ણન કરવા આ લોકમાં સરસ્વતી-વાણી પણ સમર્થ નથી; તો પછી જે જીવ એ બંને કરાવે છે, અર્થાત્ ઊંચા ઊંચા જિનમંદિર બંધાવે છે ને અતિશય ભવ્ય જિનપ્રતિમા કરાવે છે– એનાં પુણ્યની તો શી વાત!

જુઓ, આમાં 'ભક્તિપૂર્વક'ની મુખ્ય વાત છે; માત્ર પ્રતિષ્ઠા કે માન-આબરૂ

**પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,**
**અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨. –શ્રી સમયસાર**

ખાતર કે દેખાદેખીથી ક્યાંક પૈસા ખરચી નાંખે એની વાત નથી, પણ ભક્તિપૂર્વક એટલે જેણે સર્વજ્ઞ ભગવાનની કંઈક ઓળખાણ થઈ છે ને અંતરમાં બહુમાન જાગ્યું છે કે અહો, આવા વીતરાગી સર્વજ્ઞદેવ! આવા ભગવાનને હું મારા અંતરમાં પધરાવું ને જગતમાં એની પ્રસિદ્ધિ થાય—આવા બહુમાનથી ભક્તિભાવપૂર્વક જિનપ્રતિમા અને જિનમંદિર કરાવવાનો ભાવ જેને આવે છે તેને ઊંચી જાતના લોકોત્તર પુણ્ય બંધાય છે કેમકે એના ભાવમાં વીતરાગતાનો આદર થયો છે—પછી ભલે પ્રતિમા મોટી હોય કે નાની, પણ તેની સ્થાપનામાં વીતરાગતાનું બહુમાન ને વીતરાગતાનો આદર છે, એ જ ઉત્તમ પુણ્યનું કારણ છે.

ભગવાનની મૂર્તિને અહીં 'જિનાકૃતિ' કહી છે, એટલે અર્હન્ત-જિનદેવની જેવી નિર્વિકાર આકૃતિ હોય તેવી જ નિર્દોષ આકૃતિવાળી જિનપ્રતિમા હોય. જિન ભગવાન વસ્ત્ર-મુગટ ન પહેરે ને એની આકૃતિ—મૂર્તિ ઉપર વસ્ત્ર-મુગટ હોય—તો એને જિનાકૃતિ ન કહેવાય."જિનપ્રતિમા જિન સારખી, ભાખી આગમમાંય."—આવી નિર્દોષ પ્રતિમા જિનશાસનમાં પૂજનીક છે.

અહીં તો કહે છે કે અહો, જે જીવ ભક્તિથી આવા વીતરાગ જિનબિંબ અને જિનપ્રતિમા કરાવે છે તેના પુણ્યનો મહિમા વાણીથી કેમ કહેવાય? જુઓ તો ખરા, ધર્મીના જરાક શુભભાવનું આટલું ફળ! તો એની શુદ્ધતાના મહિમાની તો શી વાત!! જેને અંતરમાં વીતરાગભાવ ગમ્યો તેને વીતરાગતાના બાહ્ય નિમિત્તો પ્રત્યે પણ કેટલો ઉત્સાહ હોય? એક વાત એમ આવે છે કે એક શેઠ જિનમંદિર બંધાવતા હતા, તેમાં કામ કરતાં કરતાં પત્થરની જેટલી રજ ખરે તેના ભારોભાર ચાંદી કારીગરોને આપતા. એને મનમાં એમ હતું કે અહો, મારા ભગવાનનું મંદિર બંધાય છે તો તેમાં કારીગરોને પણ હું ખુશ કરું.—જેથી મારા મંદિરનું કામ ઉત્તમ થાય. જો કે એ વખતે કારીગરો પણ પ્રમાણિક દિલવાલા હતા. અત્યારે તો માણસોની વૃત્તિમાં ઘણો ફેરફાર થઈ ગયો છે. અહીં તો ભગવાનના ભક્ત શ્રાવક—ધર્માત્માને જિનમંદિર અને જિનપ્રતિમાનો કેવો શુભરાગ હોય તે બતાવવું છે.

સંસારમાં જુઓને, પાંચ—દશ લાખ રૂપિયા કમાણો હોય ને લાખ—બે લાખ ખરચીને બંગલો બંધાવતો હોય તો કેટલી હોંશ કરે છે? ક્યાં શું જોઈશે ને કઈ રીતે શોભશે—તેના કેટલાય વિચાર કરે છે.—એમાં તો મમતાનું પોષણ છે. તો ધર્માત્માને તો

> પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,
> એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩. —શ્રી સમયસાર

એવો વિચાર આવે કે અહો, મારા ભગવાન જેમાં વસે એવું જિનઘર, તેમાં શું–શું જોઈશે ને કઈ રીતે શોભશે ?–એ રીતે વિચાર કરીને હોંશથી (તનથી, મનથી, ધનથી) તેમાં વર્તે છે. ત્યાં ખોટી કરકસર કે કંજુસાઈ કરતો નથી. ભાઈ, આવા ધર્મકાર્યમાં તું ઉદારતા રાખીશ તો તને એમ થશે કે મેં જીવનમાં ધર્મને માટે કંઈક કર્યું છે, એકલા પાપમાં જીંદગી નથી બગાડી, પણ ધર્મ તરફના કંઈક ભાવ કર્યા છે–એમ તને ધર્મના બહુમાનનો ભાવ રહ્યા કરશે.–એનો જ લાભ છે. ને આવા ભાવ સાથે જે પુણ્ય બંધાય તે પણ બીજા લૌકિક દયા–દાન કરતાં ઊંચી જાતનાં હોય છે. જેમ મકાન બાંધનારો કારીગર, જેમ જેમ મકાન ઊંચું થતું જાય તેમ તેમ તે પણ ઊંચે ચડતો જાય છે; તેમ ધર્મી જીવ જેમ જેમ શુદ્ધતામાં આગળ વધે છે તેમ તેમ તેનાં પુણ્યનો રસ પણ વધતો જાય છે.

જિનમંદિર અને જિનપ્રતિમા કરાવનારના ભાવમાં શું છે ?—એના ભાવમાં વીતરાગતાનો આદર છે ને રાગનો આદર છૂટી ગયો છે.—આવા ભાવથી કરાવે તો સાચી ભક્તિ કહેવાય; ને વીતરાગભાવના આદરવડે તે જીવ અલ્પકાળે રાગને તોડીને મોક્ષ પામે. પરંતુ, આ વાત લક્ષમાં લીધા વગર એમ ને એમ કોઈ કહી દે કે તમે મંદિર કરાવ્યું માટે આઠ ભવમાં તમારો મોક્ષ થઈ જશે,–તો એ વાત સિદ્ધાંતની નથી. ભાઈ, શ્રાવકને એવો શુભભાવ હોય છે એ વાત સાચી, પણ એ રાગની જેટલી હદ હોય તેટલી રાખવી જોઈએ. એ શુભરાગના ફળથી ઊંચા પુણ્ય બાંધવાનું કહ્યું છે, પરંતુ એનાથી કર્મક્ષય થવાનું ભગવાને કહ્યું નથી. કર્મનો ક્ષય તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ કહ્યો છે. (ક્રમશઃ) ❊

---

દયા, દાન, ભક્તિ, પૌષધ, પ્રતિક્રમણ, સામાયિક વગેરે ક્રિયાકાંડમાં કુશળ, લૂખો આહાર ખાવો વગેરે ક્રિયા શુભ રાગ અને પરની છે, એવી એકલી શુભ રાગની ક્રિયામાં જે સંતુષ્ટ થાય છે કે આપણે ઘણું કર્યું, તેને આ પુણ્ય-પાપના વિકાર રહિત નિષ્કર્મ ભૂમિકાની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનસ્વભાવી આત્માની દૃષ્ટિ થતી નથી. કોઈ એમ કહે કે રાગને ઘટાડું છું, પણ રાગ રહિત ચૈતન્ય કોણ છે, એની ખબર નથી તો તેને આત્માના ધર્મની પ્રાપ્તિ થતી નથી. આત્માને સમજે નહિ અને એકલો રાગ ઘટાડે તેને પણ ધર્મ થતો નથી. અને માત્ર જ્ઞાનની વાતો કરે ને રાગનો અભાવ ન કરે તો તેને પણ આત્માની પ્રાપ્તિ થતી નથી–ધર્મ પ્રગટ થતો નથી.

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે :—

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.

સ્વરૂપના જ્ઞાન વિના એટલે કે મારો આત્મા નિત્યાનંદ છે તેની સમજણ વિના, તેના તરફ સ્વસન્મુખદશા થયા વિના, રાગ અને શરીરની ક્રિયાને અજ્ઞાની મારી માની દુઃખી થઈ રહ્યો છે ને ચાર ગતિમાં રખડે છે અનંત દુઃખો ભોગવી રહ્યો છે.

હવે પ્રશ્ન પૂછે છે કે :—પરની માન્યતા કેમ મટે ? હજારો રૂપિયાની કમાણી થાય ત્યાં હર્ષ આવે, વિષયમાં મજા આવે, દીકરાના શબ્દથી રાજી થાય,—આમ પરપદાર્થમાં પોતાપણાની માન્યતાથી હર્ષ માને છે, વિકારમાં દુઃખ હોવા છતાં સુખ માને છે, તે જીવ હું આનંદસ્વરૂપ છું—એમ ક્યારે માને ? પર તરફની વૃત્તિ તૂટે તો માને. પરમાં ઠીક છે એવી માન્યતાવાળાને પરમાં અમો છીએ ને પર પદાર્થો તે જ અમો છીએ—એ માન્યતા રહેલી છે, પર ચીજને લીધે મજા છે અથવા દુઃખ છે—એવી માન્યતા પરને પોતાનું માન્યા વિના હોઈ શકે નહિ. તે માન્યતા કેવી રીતે મટે ?

સમાધાન :— હું જ્ઞાનસ્વરૂપ છું ને રાગ-દ્વેષાદિથી જુદો છું—એવા ભેદજ્ઞાન વડે નિજના અંશને તથા પરને ન્યારા ન્યારા જાણે. જ્ઞાનનો અંશ રાગને જાણે, દર્શનને જાણે. સમ્યક્જ્ઞાન સ્વભાવસન્મુખ થાય છે. રાગાદિ પરિણામ પરસન્મુખ થતાં થાય છે. તે અંશ મારો નથી એમ ભેદજ્ઞાન દ્વારા બંનેને ન્યારા ન્યારા જાણે. માણસો કહે છે કે અમો ધર્મ કરીએ છીએ પણ સુખ આવતું નથી. જ્ઞાનસ્વભાવની પ્રતીતિ ને એકાગ્રતા કરતાં ધર્મદશા થાય છે. ચિદાનંદના પર્વત ઉપર ચડવાથી ધર્મ થાય છે. જ્ઞાનના પ્રવાહની પરિણતિ તે સ્વભાવની છે ને પરમાં અટકતો અંશ તે રાગ છે, તે દોષ છે—એમ ન્યારા ન્યારા જાણે.

હું જાણવા-દેખવાના વ્યાપારવાળો છું, રાગ-દ્વેષાદિ પરિણામવાળો નથી. ચૈતન્યસ્વભાવને અનુસરીને થતા પરિણામને ઉપયોગ કરે છે. આમ અંતરમાં વિચારે છે.

'હું ક્રોધ' એમ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૪.　　—શ્રી સમયસાર

મારું ઉપયોગત્વ ગ્રંથો ગાઈ રહ્યા છે, ''સદા સ્વ-ઉપયોગી તે આત્મા'' એવું દિવ્યધ્વનિમાં આવેલ છે. ગ્રંથો પણ એ જ ગાઈ રહ્યા છે. સંતોના ઉપદેશમાં આ વાત આવી છે. આથી બીજું સ્વરૂપ શાસ્ત્રો કહેતાં નથી. આથી વિરુદ્ધ કહે તે ગુરુ અને શાસ્ત્ર સાચાં નથી. ''દયા-દાનાદિથી તારું કલ્યાણ થશે.'' તેમ કહેનારા ખોટા છે.

પ્રથમ વસ્તુસ્વરૂપ શું છે તે જેના શ્રવણમાં ન આવે તેને ગ્રહણ ન થાય, ગ્રહણ વિના ધારણા ન હોય ને ધારણા વિના આત્માની રુચિ થાય નહિ. જે શાસ્ત્રો એમ કહે કે તારા જ્ઞાન-સ્વભાવને અંદર પકડ તો ધર્મ થાય તે સાચા છે, આથી વિરુદ્ધ કહે તે શાસ્ત્ર સાચાં નથી. સમ્યગ્દર્શન થતાં ને થયા પછી ધર્મી જીવ માને છે કે મારો સ્વભાવ જ્ઞાતાદૃષ્ટા છે, બહારના સંયોગો લાવું કે મૂકું તે મારા હાથની વાત નથી ને રાગ થયો માટે જાણ્યું એમ પણ નથી, સ્વ-પરપ્રકાશક જ્ઞાન પ્રગટ થતાં રાગને જાણું છું, મારો સ્વભાવ દેખવું—જાણવું છે, એ જ મારું સ્વરૂપ છે. વચમાં વિકાર ઉઠે તે મારું સ્વરૂપ નથી. ધર્મી આવા વિચારની ક્રિયા સ્વભાવસન્મુખ રહીને કરે છે. પર ચીજને લાવવી કે મૂકવી તે મારા અધિકારની વાત નથી, તેમજ મારા જ્ઞાન કે રાગને લીધે તે ચીજો આવે કે જાય એવો તે ચીજોનો સ્વભાવ નથી. વર્તમાન પર્યાયમાં થતા રાગદ્વેષનો પણ વ્યવહારે જ્ઞાતાદૃષ્ટા છું—આમ નિશ્ચય કરતાં આનંદ વધે.

જુઓ ! આ ગ્રંથ દીપચંદજીએ લખેલ છે. તેઓ ગૃહસ્થ હતા. તેમણે આત્માનો અનુભવ કરીને આ લખેલ છે. આ વાત શ્રવણ કરવામાં પ્રેમ આવે નહિ તેને આત્માની રુચિ થાય નહિ, આથી વિરુદ્ધ સાંભળે તે તો મિથ્યાદૃષ્ટિ છે. હું દેખવા-જાણવાના સ્વભાવવાળો છું એવો નિર્ણય કરતાં આનંદ વધે. હું ત્રિકાળી રહેનાર છું. સંયોગી ચીજોમાં મારો પ્રવેશ નથી ને તે ચીજોનો મારામાં પ્રવેશ નથી ને પર્યાયમાં થતાં વિકારની લાગણીનો સ્વભાવમાં પ્રવેશ નથી. મારો સ્વભાવ જ્ઞાતાદૃષ્ટા છે, તેનો મારા દ્રવ્યમાં પ્રવેશ છે આમ નિશ્ચય ઠીક કરતાં આનંદ વધે.

આ રીત પ્રથમ સાંભળવી જોઈએ. આવું કહેનારાનો સંગ કરવો જોઈએ ને તેવાં શાસ્ત્ર વાંચવા જોઈએ. આવી વાત ન સાંભળે ને ઊંધી વાત સાંભળે તેને મિથ્યાત્વ થાય છે.

વ્યવહાર કરતાં કરતાં આનંદ વધે એમ કહ્યું નથી. પૈસા દાનમાં આપતાં કે સેવા કરતાં આનંદ વધે એમ કહ્યું નથી, પણ આત્માનો સ્વભાવ જાણનાર—દેખનાર છે એમ

**'હું ધર્મ આદિ' વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,**
**ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૫. —શ્રી સમયસાર**

વિચાર કરતાં ચારિત્ર થાય ને આનંદ વધે. આને અનુભવપ્રકાશ કહે છે. દયા-દાનાદિની વૃત્તિ ઊઠે છે તેને પર પરિણતિ કહે છે. શરીર, મન, વાણીનો તો આત્મામાં અત્યંત અભાવ છે, શુભાશુભભાવ થાય તો ઠીક એમ માનનાર વિકાર તે જ હું—એમ માને છે.

કર્મના ઉદયને લીધે વિકાર થયો એમ નથી, તેમ જ કુદેવ કે કુગુરુને લીધે મેં વિકારને મારો માન્યો એમ પણ નથી. તે વિકારને મેં મારો કરેલ છે તેમાં કોઈની ભૂલ નથી, પણ "અપનેકો આપ ભૂલ કે હેરાન હો ગયા." સર્વજ્ઞના સમવસરણમાં ગયો છતાં એવોને એવો પાછો ફર્યો. જે રીત છે તે રીત પકડી નહિ. જે કલ્પના થઈ તેને પોતાનું સ્વરૂપ માન્યું. પ્રભુત્વશક્તિનો ભંડાર આત્મા છે, તેને ચૂકીને વિકારથી લાભ માન્યો તે ઊંધી શ્રદ્ધા છે ને તેથી અજ્ઞાની રખડી રહ્યો છે. તે મિથ્યામાન્યતા હું ન કરું તો ન થાય, અવળો પોતે હતો તે સવળો થઈ શકે છે.

સંસારમાં દીકરીની માતા શીરાની વિધિ બતાવે તો તેની દીકરી તે વિધિ બરાબર સાંભળે. તેમ સર્વજ્ઞ અને સંતો કહે છે કે પ્રથમ આખા આત્માને પ્રતીતિમાં લ્યો, તો ધર્મ થાય તેમ છે. રાગની મંદતા કરે કે દયા-દાનાદિ કરે તે બધાં નકામા જાય તેમ છે. પુણ્ય-પાપના વિકારનો ચૈતન્યસમુદ્રમાં પ્રવેશ નથી. તેવા નિર્ણય વિના વ્રત, તપ, ચારિત્ર સાચાં હોઈ શકે નહિ.

પણ અજ્ઞાની તર્ક કર્યા કરે છે કે પ્રથમ બીજું કરીએ તો ? વ્યવહાર કરીએ તો ? આવી રીતે તેને વિશ્વાસ આવતો નથી. શરીર, મન, વાણી આત્માથી જુદાં છે. પોતાના અપરાધથી થતા વિકારભાવનો ધ્રુવસ્વભાવમાં પ્રવેશ નથી. આમ યથાર્થ માને તો મિથ્યા માન્યતા ટળે. કર્મ મંદ પડે તો મિથ્યામાન્યતા ટળે એમ કહ્યું નથી.

અઢાર વરસની દીકરીનું સગપણ થતાં જ તેને ખ્યાલ આવે છે કે માતા-પિતાનું ઘર મારું નહિ પણ મારા પતિનું ઘર તે મારું છે. અંદર માન્યતા ફરી જાય છે. તેમ અજ્ઞાની વિકારને મારો માનતો હતો, પણ માન્યતા બદલાવે ને જ્ઞાનાનંદસ્વરૂપ નિજ છે એવું માનીને સગપણ કરે તો મુક્તિ-રમણીનો કંથ થાય.

જ્ઞાન ને આનંદ શક્તિને મારી માની તે જ સમયે મુક્તિરમણી સાથે સગપણ થાય છે અને હવે કેવળજ્ઞાન જરૂર થવાનું છે એમ નિશ્ચય થાય છે.

સ્વસ્વભાવ જ્ઞાનમય ચૈતન્યસૂર્ય છું—એવી સમ્યક્ પ્રતીતિ થતાં પૂર્ણ આનંદદશા સાથે સગપણ થાય છે.

**જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,**
**નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬. –શ્રી સમયસાર**

જેમ કોઈ પુરુષ કન્યા નાની-મોટી કરવામાં કુંવારો રહી જાય છે ને તેને લગ્નનો અવસર આવતો નથી, તેમ જેનામાં સાચું-ખોટું પરખવાની તાકાત નથી તેને અનંતકાળ સંસારમાં ચાલ્યો જાય છે, તેને મુક્તિરમણી સાથે લગ્નનો અવસર આવતો નથી, પણ ધર્મી જીવ કહે છે કે અમારે કેવળજ્ઞાનનાં ટાણા આવ્યાં અમારે કેવળજ્ઞાનની તૈયારી છે. વિકાર કરું એ જ મારું સ્વરૂપ નથી. હું જ્ઞાતા છું—એવો નિર્ણય કરતાં મુક્તિદશા સાથે લગ્ન જરૂર થાય.

શુભાશુભ કર્મના ભ્રમનો વિનાશ નિજસુખ પ્રાપ્ત થતાં જ થાય છે. અહીં કર્મ એટલે પુણ્ય-પાપરૂપ વિકાર. વિકાર હળવે હળવે મને લાભ કરશે એ કર્મનો ભ્રમ છે. જ્ઞાતાદૃષ્ટા સ્વભાવની પ્રતીતિથી તે કર્મના ભ્રમનો નાશ થાય છે. આનંદસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થતાં જ મિથ્યાદર્શનશલ્ય જાય છે. એ નિજસુખ કેમ પમાય ? તે કહીએ છીએ.

મારું સુખ જાણવા—દેખવાના ઉપયોગમાં છે. મારી જ્ઞાન-પર્યાય મારા દ્રવ્ય સાથે અભેદ થાય તેમાં જ આનંદ છે. જડમાં કે પરમાં આનંદ નથી—આવી પ્રતીતિ નથી તેને સાચા વ્રત કે ચારિત્ર ન હોય. મારું સુખ મારા જ્ઞાન ઉપયોગમાં છે, પુણ્ય-પાપ કે રાગમાં નથી, તેથી જાણવા-દેખવાના ઉપયોગને ધારણ કરી રહ્યો છું

હું જ્ઞાનાનંદ સ્વભાવને ભૂલી અનુપયોગ એટલે વિકાર આદિમાં રત થઈ ચેતના ઉપયોગને ભૂલ્યો તેથી સુખ ક્યાંથી થાય ? ન જ થાય, તેથી ધર્મી જીવ સ્વ-સ્વરૂપનો વિચાર કરે છે. (ક્રમશઃ) ❋

---

ધર્માત્મા બાળક હો, વૃદ્ધ હો, દેડકો હો પણ હું જ્ઞાનાનંદ છું, રાગ હું નથી. એમ ભાન હોવાથી જ્યારે અનુભવ કરે છે ત્યારે અંશે સિદ્ધ સમાન આત્માનો અનુભવ કરે છે. સિદ્ધના જેટલો પૂર્ણ અનુભવ નથી પણ સિદ્ધની જાતનો અનુભવે છે. પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે ત્યારે આત્મતત્ત્વને અનુભવે છે. એકદેશ આનંદકંદનો અનુભવ થયો એટલે સ્વરૂપની સર્વ જાતિપિછાણી છે. સિદ્ધ, અર્હંત વગેરેનો આવો અનુભવ હોય છે તેમ જાણી લ્યે છે, અનુભવ પૂજ્ય છે, પોતે શુદ્ધ આનંદકંદ છે એવી શ્રદ્ધા સહિત અનુભવ પૂજ્ય છે, તે જ પરમ છે, તે જ ધર્મ છે. એ જ જગતનો સાર છે. આત્માનો અનુભવ ભવનો ઉદ્ધાર કરે છે. અનુભવ ભવનો પાર કરે છે, મહિમાને ધારણ કરે છે, દોષનો નાશ કરે છે. આત્માની શક્તિમાં જ્ઞાન ને આનંદ ભર્યો છે. શક્તિની વ્યક્તિરૂપી અનુભવથી ચિદાનંદનો સુધાર થાય છે. તે જ સુધાર છે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# સમ્યગ્દર્શનની રીત

(૧૧) અરિહંત જેવો પોતાનો આત્મા છે એમ જ્યાં મનથી જાણ્યું ત્યાં જ પર તરફની એકાગ્રતાથી કે પુણ્યથી આત્માને લાભ થાય એ માન્યતા ટળી ગઈ. શરીર-મન-વાણીની ક્રિયા તો આત્માથી જુદી છે અને રાગ-દ્વેષના ભાવો થાય છે તે અરિહંત ભગવાનની અવસ્થામાં નથી માટે ખરેખર તે રાગ-દ્વેષના ભાવો આ આત્માની અવસ્થા નથી. કોઈ પણ પુણ્ય-પાપના ભાવથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે કેવળજ્ઞાન થતું નથી. પહેલાં મન દ્વારા ત્રિકાળી આત્માને જાણ્યો ત્યાં આટલું તો નક્કી થયું. પહેલાં મનથી તો આખા આત્મસ્વભાવને જાણી લીધો, 'આવા આત્માની પ્રતીતિ અને અનુભવ કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે, ને તેમાં એકાગ્ર થવાથી જ કેવળજ્ઞાન થાય છે' એમ નક્કી કરી લીધું; એટલે હવે તે સ્વભાવ તરફ વળવાનું જ રહ્યું. તે જીવ સ્વભાવ તરફ વળીને મોહનો ક્ષય કઈ રીતે કરે છે તે વાત હારનું દૃષ્ટાંત આપીને આચાર્ય ભગવાન બહુ જ સ્પષ્ટ સમજાવશે.

(૧૨) સ્વભાવ તરફ વલણ કરીને મોહનો ક્ષય કરવાની ને સમ્યગ્દર્શન પ્રગટ કરવાની આ રીત છે. સમ્યગ્દર્શન પ્રગટાવવા માટેનો આ અલૌકિક અધિકાર છે. ઘણો ઊંચો અને અપૂર્વ અધિકાર આવ્યો છે. આ અધિકાર સમજીને યાદ રાખવા જેવો છે ને અંદર આત્મામાં ઓગાળવા જેવો છે. પોતાના અંતર્સ્વભાવમાં એકાગ્રતાથી જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રગટે છે.

(૧૩) જેણે અરિહંત જેવા પોતાના આત્માને મન વડે જાણી લીધો તે જીવ સ્વભાવના આંગણે આવ્યો છે; પરંતુ આંગણે આવ્યા પછી હવે સ્વભાવનો અનુભવ કરવામાં અનંતો અપૂર્વ પુરુષાર્થ છે, આંગણે આવીને જો વિકલ્પમાં જ અટકી રહે તો અનુભવ થાય નહિ. જેમ મોટા રાજા-મહારાજાના મહેલના આંગણા સુધી આવ્યા પછી મહેલમાં દાખલ થવા માટે હિંમત જોઈએ, તેમ આ ચૈતન્યભગવાનના આંગણે આવ્યા પછી એટલે કે મન વડે આત્મસ્વભાવને જાણ્યા પછી ચૈતન્યસ્વભાવની અંદર ઢળીને અનુભવ કરવા માટે અનંત પુરુષાર્થ હોય તે જ ચૈતન્યમાં ઢળીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે, ને બીજા જે જીવો શુભ વિકલ્પમાં અટકી જાય છે તેઓ પુણ્યમાં અટકી જાય છે, તેમને

> એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે,
> —એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭. –શ્રી સમયસાર

ધર્મ થતો નથી. પરંતુ અહીં તો આંગણે અટકવાની વાત જ નથી જે જીવ સ્વભાવના આંગણે આવ્યો તે જીવ સ્વભાવમાં વળીને અનુભવ કરે જ —એવી અપ્રતિહતપણાની જ વાત લીધી છે. આંગણે આવીને પાછો ફરે એવી વાત જ અહીં નથી લીધી.

(૧૪) પહેલાં મન દ્વારા અરિહંત જેવા પોતાના આત્મસ્વભાવને જાણ્યા પછી હવે અંતર્ સ્વભાવમાં વળીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે, તેની વાત જણાવે છે. હવે અંતરમાં ઢળવાની વાત છે. બહારમાં અરિહંત ભગવાનનું તો લક્ષ છોડ્યું ને પોતામાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનું લક્ષ છોડીને અંતરના અભેદ સ્વભાવમાં જાય છે. પહેલાં અરિહંત જેવા દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણ્યા તે ભૂમિકા થઈ, આંગણું થયું હવે તે ભૂમિકા વટાવીને અંતરના અનુભવમાં પ્રવેશ કરવાની વાત છે. માટે બરાબર ધ્યાન રાખીને સમજવું.

(૧૫) અહીં મોતીના હારનું દૃષ્ટાંત આપીને સમજાવે છે; જેમ હાર ખરીદનાર પહેલાં તો હાર, તેની સફેદતા ને તેનાં મોતી—એ ત્રણેનું સ્વરૂપ વિચારે છે, પણ પછી હાર પહેરે ત્યારે મોતી અને સફેદતાનું લક્ષ હોતું નથી, એકલા હારને જ લક્ષમાં લે છે, અહીં હારને દ્રવ્યની ઉપમા છે, સફેદતાને ગુણની ઉપમા છે ને મોતીને પર્યાયની ઉપમા છે. મોહનો ક્ષય કરનાર જીવ, પહેલાં તો અરિહંત જેવા પોતાના આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે, પણ જ્યાં સુધી એ ત્રણે ઉપર લક્ષ રહે છે ત્યાં સુધી રાગ રહે છે ને અભેદ આત્માનો અનુભવ થતો નથી; તેથી દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણી લીધા પછી, હવે ગુણ અને પર્યાયોને દ્રવ્યમાં જ સંકેલીને અભેદ આત્માનો અનુભવ કઈ રીતે કરે છે, તેની આ વાત કરે છે. અહીં પહેલાં પર્યાયને દ્રવ્યમાં લીન કરવાની અને પછી ગુણને દ્રવ્યમાં લીન કરવાની વાત કરી છે, ગુણને અને પર્યાયને દ્રવ્યમાં જોડવાની વાત ક્રમથી કરી છે. કહેવામાં તો ક્રમથી જ કહેવાય, પણ ખરેખર ગુણ અને પર્યાય બંનેનું લક્ષ એક સાથે જ છૂટી જાય છે; જ્યાં અભેદદ્રવ્યને લક્ષમાં લીધું ત્યાં ગુણ અને પર્યાય બંનેના વિકલ્પ એક સાથે જ છૂટી ગયા, ને સાક્ષાત્ આત્માનો અનુભવ રહ્યો. મોતીનું લક્ષ છોડીને હારને લક્ષમાં લીધો ત્યાં એકલો હાર જ લક્ષમાં રહ્યો, સફેદતાનું લક્ષ પણ ન રહ્યું તેમ પર્યાયનું લક્ષ છોડીને જ્યાં દ્રવ્યને લક્ષમાં લઈને એકાગ્ર થયો ત્યાં ગુણનું લક્ષ પણ સાથે જ ટળી ગયું. ગુણ-પર્યાય બંને ગૌણ થઈ ગયા, ને એક દ્રવ્યનો અનુભવ રહ્યો. આ પ્રમાણે દ્રવ્ય ઉપર લક્ષ કરીને આત્માનો અનુભવ કરવો તે સમ્યગ્દર્શન પ્રગટવાની રીત છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

**ઘટ-પટ-રથાદિક વસ્તુઓ, કરણો અને કર્મો વળી,**
**નોકર્મ વિધવિધ જગતમાં આત્મા કરે વ્યવહારથી. ૯૮. –શ્રી સમયસાર**

## ધનાદિના તીવ્ર-મમત્વપરિણામી જીવોને સંતોની ચેતવણી

દિનપ્રતિદિન બનતા દેહવિલયના ક્ષણભંગુર પ્રસંગો સાંભળીને વૈરાગ્યભર્યા શબ્દોમાં પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે હે ભાઈ ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. દેહનો સંયોગ તો વિયોગજનિત જ છે. જે સમયે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થવાની છે તે સમયે તારા કોટિ ઉપાયો પણ તને બચાવવા સમર્થ નથી. તું લાખ રૂપિયા ખર્ચ કે કરોડ ખર્ચ, ગમે તે વિલાયતનો ડૉક્ટર લાવ, પણ આ બધું છોડીને તારે જવું પડશે. દેહ-વિલયની આવી નિયત સ્થિતિને જાણ ને, તે સ્થિતિ આવી પડે તે પહેલાં જ તું ચેતી જા. તારા આત્માને ચોર્યાસી ફેરામાંથી બચાવી લે. આંખ મીંચાયા પહેલાં જાગૃત થા. આંખ મીંચાયા પછી ક્યાં જઈશ તેની તને ખબર છે ? ત્યાં કોણ તારો ભાવ પૂછનાર હશે ?—તો અહીં, 'લોકો આમ કહેશે ને સમાજ તેમ કહેશે'—એવી મોહની ભ્રમજાળમાં ગૂંચવાઈને તારા આત્માને શા માટે ગૂંગળાવી રહ્યો છે ? ઈષ્ટોપદેશમાં સુંદર દૃષ્ટાંત દ્વારા કહ્યું છે કે :

મૃગ આદિ અનેક પ્રાણીઓથી ભરેલા વનમાં આગ લાગતાં, તેનાથી બચવા માટે કોઈ માણસ વનની મધ્યમાં આવેલા વૃક્ષ ઉપર ચઢીને બેસે છે, અને અગ્નિજ્વાળાઓથી ભસ્મીભૂત બનતાં પ્રાણીઓને નીહાળે છે. તે વખતે એમ ધારે છે કે, 'હું તો વૃક્ષ ઉપર સહીસલામત છું, અગ્નિ મને નુકશાન કરશે નહીં; પરંતુ તે અજ્ઞાનીને ખબર નથી કે અગ્નિ થોડીવારમાં વૃક્ષને અને તેને પણ ભરખી જશે. એ પ્રમાણે મૂઢ જીવ, ધનાદિકની આસક્તિના કારણે બીજાઓ ઉપર આવતી આપત્તિઓને દેખવા છતાં, પોતાને સહીસલામત માને છે અને કદી વિચાર પણ કરતો નથી કે તેવી વિપત્તિઓ મોડી—વહેલી તેના ઉપર પણ આવી પડશે અને કાલાગ્નિ તેને પણ ભરખી જશે.

અરેરે ! અજ્ઞાનદશાને લઈને જીવો ચાર ગતિમાં ભમતા થકા આત્માને દુઃખરૂપી ઘાણીમાં પીલી રહ્યા છે. પૂર્વના પુણ્યને લઈને મનુષ્યગતિ ને સાધનસામગ્રી મળે, પરંતુ પૈસા કમાવવાના લોહવાટમાં ને તેનું રક્ષણ કરવાની તીવ્ર મમતા આડે ભવ વેડફી નાખે છે. પૈસાના અહંકાર આડે ધર્મ શી ચીજ છે તે સાંભળવાની દરકાર નથી કરતો; એવા જીવના અભાગ્યનો મહિમા કોણ કરી શકે ? ધન-ઉપાર્જન અને મમતામાં ભવ આખો વેડફી નાખતા તે જીવોને વિચાર પણ નથી કે મારે એક દિ' મરવાનું છે ને મરીને હું કઈ ગતિમાં જઈશ ?

મમતાની તીવ્રતાવાળા તે જીવો સ્વર્ગમાં જાય એવા શુભભાવનો અવકાશ હોતો

**પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,**
**પણ તે નથી તન્મય અરે ! તેથી નહીં કર્તા ઠરે. ૯૯. –શ્રી સમયસાર**

નથી; મરીને મનુષ્ય થાય તેવા કોમળ પરિણામ પણ હોતા નથી. તેને જો માંસ-મચ્છી-મદિરાદિ અભક્ષ્ય-ભક્ષણ વગેરેના તીવ્ર અશુભ પરિણામ ન હોય તો તે મરીને નરકે જતો નથી. તેથી માયા-મમતાના પરિણામવાળા આવા જીવો તો મરીને તિર્યંચયોનિમાં ઊપજે છે. તિર્યંચગતિ બહુ મોટી છે. ૮૪ લાખ જન્મસ્થાનમાંથી ૬૨ લાખ જન્મસ્થાનો તિર્યંચગતિનાં છે. અહીં 'શેઠ સાહેબ' 'શેઠસાહેબ' થતાં હોય—કહેવાતા હોય ને મરીને બીજી ક્ષણે મમતામય પરિણામને લીધે ગધેડી ને કૂતરીના પેટે જન્મ ધારણ કરે....અરેરે ! આવા અનંતા ભવો ગાળ્યા છતાં આ જીવ ચેત્યો નહીં. હવે આ અવસર આવ્યો છે તો હે ભાઈ ! પરની ચિંતા છોડીને તારું પોતાનું કલ્યાણ કેમ થાય તેનો તું વિચાર કર...તું તારું સુધાર...તારા હિત માટે તું અંતર્મુખ સ્વભાવમાં જો...ને તારા પૂર્ણ સ્વરૂપને લક્ષમાં લે. ભાઈ ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. બહારમાં તો ભલે ગમે તેમ થાય પણ તું તારા આત્મતત્ત્વને સમજ. તે સમજવાથી જ તારું કલ્યાણ થશે ને ભવથી નિવેડો આવશે.

ભવસમુદ્રમાં ભટકતા જીવોને ધર્માત્મા—સંત કહે છે કે હે જીવ ! તારા પોતાના હિત માટેની આ વાત છે. તારા આત્માને ઉગારવાની આ વાત છે. મરતાં તને કોઈ શરણ થશે નહીં. એક તારો આત્મા જ તને શરણદાતા છે; માટે તેને સમજવાનો પ્રયત્ન કર.

જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મ અરે !
જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે.

---

(અનુસંધાન પેજ નં. ૧૮ થી ચાલુ)

(૧૬) સમ્યગ્દર્શન વગર ધર્મ હોતો નથી, તેથી અહીં પહેલાં જ સમ્યગ્દર્શનની રીત બતાવી છે. પુણ્ય-પાપ થાય તે નિષેધ કરવા માટે જાણવા યોગ્ય છે, પણ સમ્યગ્દર્શનની રીતમાં પુણ્ય કે પાપ નથી. અહીં દૃષ્ટાંતમાં 'ઝૂલતો હાર' લીધો છે તેમ સિદ્ધાંતમાં 'પરિણમતું દ્રવ્ય' બતાવવું છે; દ્રવ્યનું પરિણમન થઈને પર્યાય આવે છે. તે પર્યાયોને ત્રિકાળી દ્રવ્યમાં જ લીન કરીને અને ગુણના ભેદનો વિચાર છોડીને દ્રવ્યમાં ઢળે છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. પર્યાયોને દ્રવ્યમાં અભેદ કર્યા અને 'જ્ઞાન તે આત્મા' એવા ગુણ-ગુણીના ભેદની વાસનાનો પણ લોપ કર્યો, ત્યાં વિકલ્પ ન રહ્યો, એટલે ધોળાશને જુદી જાણી લક્ષમાં ન લેતાં તેને હારમાં જ સમાવીને જેમ હારને લક્ષમાં લે છે તેમ જ્ઞાન અને આત્મા એવા બે ભેદને લક્ષમાં ન લેતાં એક આત્મદ્રવ્યને જ લક્ષમાં લે છે, ચૈતન્યમાં જ સ્થાપીને એકાગ્ર થાય છે ત્યાં જ સમ્યગ્દર્શન થાય છે ને મોહ લય પામે છે.　　　　　　(ક્રમશઃ) ❋

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—સ્વદ્રવ્યને પરદ્રવ્યથી ભિન્ન-ભિન્ન જુઓ. એમ શ્રીમદ્ રાજચંદ્ર કહે છે, કૃપા કરી તેનું વિસ્તૃત વિવેચન કરશો?

ઉત્તર :—દેહ-મન-વાણી ને સ્ત્રી-પુત્રાદિ તો પરદ્રવ્ય હોવાથી ભિન્ન છે જ પણ દેવ-શાસ્ત્ર-ગુરુ એ પણ પરદ્રવ્ય હોવાથી તેનાથી આત્મા ભિન્ન છે તેમ જુઓ! એક દ્રવ્ય અન્ય દ્રવ્યને કાંઈ કરી શકતું નથી. દરેક દ્રવ્યનો સ્વભાવ ચમત્કારીક છે. એક રજકણ બીજા રજકણને કાંઈ કરી શકતું નથી. લાકડી હાથથી ઊંચી થઈ નથી કે પેનથી અક્ષર લખાયા નથી. કેમ કે એક દ્રવ્ય અન્ય દ્રવ્યથી જુદું છે. સ્વદ્રવ્યને અને પરદ્રવ્યને ભિન્ન-ભિન્ન દેખવું એમાં દ્રવ્યની પ્રભુતા છે.

પ્રશ્ન :—પરમાત્મા થવા માટે જ્ઞાનીઓએ શાસ્ત્રમાં શું કહ્યું છે?

ઉત્તર :—બધાં શાસ્ત્રોના સારમાં જ્ઞાનીઓએ આ જ્ઞાનાનંદ, પરથી—વિકારથી ભિન્ન ચૈતન્ય રત્નને ઓળખવાનું કહ્યું છે. બાકી પૂર્વના પ્રારબ્ધને લીધે જે સંયોગ-વિયોગ થાય તે ચૈતન્ય નથી અને તે પ્રારબ્ધ પણ આત્માનું નથી અને જે ભાવે પ્રારબ્ધ બંધાયું તે ભાવ પણ આત્મા નથી, શરીરાદિ સંયોગોથી ભિન્ન, સંયોગોનું નિમિત્ત પ્રારબ્ધ છે, તેનાથી પણ ભિન્ન અને પ્રારબ્ધનું નિમિત્ત શુભાશુભ વિકાર તેનાથી પણ રહિત, એવા ચૈતન્યસ્વરૂપ આત્માનું ભાન કરે તે પરમાત્મા થાય. પરમાત્મા થયા પછી તેને અવતાર થાય નહિ.

પ્રશ્ન :—આત્મા માત્ર જાણનાર જ છે તો આમાં કાંઈ કરવાનું જ નથી?

ઉત્તર :—અરે ભાઈ! આમાં તો પાર વિનાનું કરવાનું છે. દેહ આદિ પરદ્રવ્યો તરફ જે લક્ષ જાય છે તે લક્ષને જાણનાર એવા આત્માને જાણવામાં વાળવાનું છે. આત્માને જાણવામાં તો અનંત પુરુષાર્થ આવે છે.

પ્રશ્ન :—બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી તો બાહ્ય વસ્તુના સંગનો નિષેધ શા માટે કરવામાં આવે છે?

**જીવ નવ કરે ઘટ, પટ નહીં, જીવ શેષ દ્રવ્યો નવ કરે;**
**ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦. –શ્રી સમયસાર**

ઉત્તર :—અધ્યવસાયના નિષેધ અર્થે બાહ્ય વસ્તુનો નિષેધ કરવામાં આવે છે. બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી, બંધનું કારણ તો જીવના પરિણામ જ છે, પણ બાહ્ય વસ્તુના આશ્રયે અધ્યવસાન થાય છે તેથી અધ્યવસાન છોડાવવા અર્થે તેના આશ્રયભૂત બાહ્યવસ્તુનો નિષેધ કરવામાં આવે છે. બાહ્ય વસ્તુના આશ્રય વિના અધ્યવસાન થતા નથી તેથી અધ્યવસાનના ત્યાગ અર્થે બાહ્ય વસ્તુના સંગનો નિષેધ કરવામાં આવે છે, બાહ્ય વસ્તુનું લક્ષ છોડાવવામાં આવે છે.

પ્રશ્ન :—સ્વદ્રવ્ય શું છે? અને પરદ્રવ્ય શું છે? મોક્ષમાર્ગી જીવે કોને અંગીકાર કરવું?

ઉત્તર :—પ્રત્યક્ષપણે બાહ્ય અને ભિન્ન દેખાય તેવા સ્ત્રી, પુત્ર, ધન, મકાનાદિ તથા એકક્ષેત્રાવગાહી સંબંધવાળા શરીર અને આઠ કર્મ તો પરદ્રવ્ય છે જ તેમના સિવાય જીવ-અજીવાદિ સાત તત્ત્વોના સંબંધમાં ઉઠતા વિકલ્પો પણ પર છે; તથા એ સાત તત્ત્વોના વિકલ્પોને અગોચર એવું જે શુદ્ધ અભેદ આત્મ-સ્વરૂપ છે. તે એક સ્વદ્રવ્ય છે, તે જીવ છે અને તે જ એક અંગીકાર કરવા જેવો છે. શુદ્ધ જીવને અંગીકાર કરવાથી શુદ્ધ ભાવ પ્રગટ થાય છે. અંગીકાર કરવાનો અર્થ એ છે કે તે શુદ્ધજીવની શ્રદ્ધા કરવી, તેનું જ્ઞાન કરવું અને તેમાં જ લીન થવું.

પ્રશ્ન :—પોતે જ પોતાનું જ્ઞેય, જ્ઞાન ને જ્ઞાતા છે તો બીજા છ દ્રવ્યો તે જ્ઞેય ને પોતે જ્ઞાતા છે તે જ્ઞેયજ્ઞાયકસંબંધ છોડવો અશક્ય કહ્યો છે ને?

ઉત્તર :—છ દ્રવ્યો તે જ્ઞેય ને પોતે જ્ઞાતા છે, તે જ્ઞેય–જ્ઞાયકનો સંબંધ છોડવો અશક્ય કહ્યો છે ત્યાં તો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે અને અહીં તો સ્વ અસ્તિત્વમાં રહેલાં પોતે જ જ્ઞેય, જ્ઞાન ને જ્ઞાતા છે તેમ નિશ્ચય બતાવીને પરનું લક્ષ છોડાવ્યું છે.

પ્રશ્ન :—શું જ્ઞેય-જ્ઞાયક સંબંધી પણ જીવને ભ્રાંતિ રહી જાય છે?

ઉત્તર :—જીવથી ભિન્ન પુદ્‌ગલ આદિ છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે એમ નિશ્ચયથી નથી. અરે! રાગ તે જ્ઞેય ને આત્મા તે જ્ઞાયક એમ પણ નથી. પરદ્રવ્યોથી લાભ તો નથી પણ પરદ્રવ્યો જ્ઞેય ને તેનો તું જાણનાર છો એમ પણ ખરેખર નથી. હું જાણનાર છું, હું જ જણાવા યોગ્ય છું, હું જ મને જાણું છું. પોતાના અસ્તિત્વમાં

**જ્ઞાનાવરણઆદિક જે પુદ્‌ગલ તણા પરિણામ છે,**
**કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧. –શ્રી સમયસાર**

જે છે તે જ સ્વજ્ઞેય છે એમ પરમાર્થ બતાવીને પર તરફનું લક્ષ છોડાવ્યું છે.

પ્રશ્ન :—જ્ઞેયજ્ઞાયકપણાનો નિર્દોષ સંબંધ ધર્માત્માને હોય છે–કૃપા કરી સમજાવો ?

ઉત્તર :—શરીર-મન-વાણી પરવસ્તુ છે, તેની સાથે મારે કાંઈ સંબંધ નથી, તેથી 'તેમની અનુકૂળ ક્રિયા હોય તો મને ઠીક અને તેમની પ્રતિકૂળ ક્રિયા હોય તો મને અઠીક' એમ તેમના પ્રત્યે મને કાંઈ પક્ષપાત નથી. મારા જ્ઞાનની ઉગ્રતા પાસે વિકાર બળી જાય એવો ચૈતન્યજ્યોત મારો સ્વભાવ છે.—આમ પોતાના સ્વભાવની ઓળખાણ કરવાની પહેલી વાત છે. દર્શનશુદ્ધિ વગર જ્ઞાન, ચારિત્ર કે વ્રત-તપ ત્રણકાળમાં હોતા નથી.

ધર્માત્મા અંતરમાં જાણે છે કે હું એક જાણનાર છું, ને આ શરીરાદિ બધા પદાર્થો મારા જ્ઞેયો છે. હું જ્ઞાતા, ને તે જ્ઞેય—એ સિવાય બીજો કોઈ સંબંધ અમારે નથી. જેમ જનેતા સાથે પુત્રને માતા તરીકેના નિર્દોષ સંબંધ સિવાય બીજા કોઈ આડા વ્યવહારની કલ્પના સ્વપ્નેય પણ ન હોય તેમ હું ચૈતન્યમૂર્તિ આત્મા જ્ઞાયક છું ને પદાર્થો જ્ઞેય છે, જ્ઞેય–જ્ઞાયકરૂપ નિર્દોષ સંબંધ સિવાય અન્ય કોઈ સંબંધ મારે પરદ્રવ્ય સાથે સ્વપ્ને પણ નથી. મારે પર સાથે માત્ર જાણવા પૂરતો જ સંબંધ છે. જેમ અંધારામાં કોઈ માણસ કોઈને પોતાની સ્ત્રી સમજીને વિષયબુદ્ધિથી તેની પાસે ગયો, પણ જ્યાં પ્રકાશમાં તેનું મોઢું જોતાં ખબર પડી કે આ તો મારી માતા છે. ત્યાં ફડાક તેની વૃત્તિ પલટી જાય છે અરે આ તો મારી જનેતા! જનેતાની ઓળખાણ થઈ કે તરત જ વિકાર વૃત્તિ પલટી અને માતા-પુત્રના સંબંધ તરીકેની નિર્દોષ વૃત્તિ જાગૃત થઈ. તેમ જીવ અજ્ઞાન ભાવે પરવસ્તુને પોતાની માનીને તેને ઈષ્ટ-અનિષ્ટ માને છે અને તેના કર્તા-ભોક્તાના ભાવ કરીને વિકારપણે પરિણમે છે. પણ જ્યાં જ્ઞાન પ્રકાશ થતાં ભાન થયું કે અહો મારો જ્ઞાયક સ્વભાવ છે. ને પદાર્થોનો જ્ઞેયસ્વભાવ છે. એમ નિર્દોષ જ્ઞેય-જ્ઞાયક સંબંધનું ભાન થતાં જ ધર્મીને વિકારભાવ ટળીને નિર્દોષ જ્ઞાયકભાવ પ્રગટ થાય છે. અસ્થિરતાના રાગ-દ્વેષ થતા હોય છતાં ધર્મીને અંતરમાં રુચિ પલટી ગઈ છે કે હું ચૈતન્યસ્વરૂપ બધાનો જાણનાર છું, બીજા પદાર્થો સાથે જ્ઞેય-જ્ઞાયક સ્વભાવ સંબંધ સિવાય બીજો કાંઈ સંબંધ મારે નથી.

---

**જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,**
**તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨.** –શ્રી સમયસાર



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

મુમુક્ષુઃ—આપ તો સદાય ચૈતન્યના નંદનવનમાં વિચરી રહ્યાં છો. ચૈતન્ય- બાગનાં પુષ્પોની-ફૂલોની સુગંધથી ચોમેર સુગંધ પ્રસરાવી રહ્યાં છો. આપના ચૈતન્યની મસ્તીથી ભરપૂર જીવનની દૈનિક ક્રિયા–દિનચર્યા વિષે જાણવાની ભાવના થાય છે. તો કૃપા કરીને જણાવશોજી.

બહેનશ્રીઃ—અંતરની દિનચર્યામાં તો આત્મામાં જવું, તેમાં રહેવું, ને ધ્યાન કરવું તે હોય છે. આત્માને વિભાવની સાથે પણ સંબંધ નથી, તો પછી શરીરની સાથે શું સંબંધ હોય ? શરીરનું કાર્ય શરીરમાં થાય છે, આત્મા તો પોતાનું કાર્ય કરે છે.

બહારના કાર્યક્રમમાં નિત્યનિયમ મુજબ પૂર્વે જે જે શાસ્ત્રોનો અભ્યાસ કરેલો છે તેમાંથી જે યાદ આવે તે સવારના ફેરવી જાઉં છું. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, ધવલ, પરમાત્મ પ્રકાશ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, પંચાધ્યાયી, મોક્ષશાસ્ત્ર આદિ જે જે શાસ્ત્રનો અભ્યાસ છે, તેમાંથી રોજ સવારે નિયમથી ફેરવી જાઉં છું. શાસ્ત્રોમાંથી ગાથારૂપે, ટીકારૂપે, અર્થરૂપે કે ભાવરૂપે જે યાદ આવે તે નિયમથી ફેરવી લઉં છું. તે દરરોજનો નિયમ છે. શાસ્ત્ર હાથમાં લઈ શકાય, અગર ન લઈ શકાય; પરંતુ આ સ્વાધ્યાય કરવાનો તો હંમેશ માટેનો નિયમ છે.

દરરોજ સવારે નિયમથી ધ્યાન હોય છે. તે સિવાય આખા દિવસમાં બીજું વધારે ધ્યાન થતું હોય તે જુદું. મહાવિદેહનું સ્મરણ, સીમંધર ભગવાનનાં દર્શન, તે બધું આત્માના ધ્યાન સાથે થતું હોય છે. ચૈતન્યમય જીવન છે. દર્દ આવે તે વખતે ધ્યાન વધારે ચાલતું હોય છે ને બહારથી ઉપયોગ છૂટીને અંદર ધ્યાનની એકાગ્રતા થાય છે. અંદરમાં નિર્વિકલ્પ ધ્યાન થાય છે. સહજ જ્ઞાતાધારાની સાધનાનું આ ફળ છે.

આત્માનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે. ઉપયોગ બહાર હોય તો પણ અંદરનું કાર્ય તો ચાલ્યા જ કરે છે. બહારના સંયોગો કે વેદના કે શરીર આત્માને રોકતાં નથી. પરિણતિ સહજપણે વારંવાર અંતરમાં જાય છે. આ બધો ગુરુદેવનો પ્રતાપ છે. ગુરુદેવના પ્રતાપે

**જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;**
**અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને ? ૧૦૩. –શ્રી સમયસાર**

બધું પ્રગટ થયું છે. આપણે તો તેમનાં ચરણોના સેવક છીએ.

મુમુક્ષુ :—આ કાળે ધ્યાનની-જ્ઞાનની આપની સાધના સર્વોત્કૃષ્ટ છે. ભરતક્ષેત્રમાં આપ તો આરાધનાની દેવી છો એમ પૂજ્ય ગુરુદેવશ્રીના ઉદ્દગારો છે. આપના જ્ઞાન કાર્યક્રમ વિષે હજી વિશેષ પ્રકાશ કરવાની નમ્ર પ્રાર્થના છે.

બહેનશ્રી :—કાર્યક્રમ શું ? 'આત્માનો કાર્યક્રમ આત્મા.' તેની સાધનારૂપે પરિણતિ પરિણમે તે કાર્યક્રમ. બહારથી બહારનો કાર્યક્રમ દેખાય, અંતરમાં શું હોય તે કોણ સમજી શકે ?

શાસ્ત્રમાં આવે છે ને ? કે અંતરના કર્તા-કર્મ-ક્રિયા બધું અંતરમાં છે ને બહારનાં કર્તા-કર્મ બહારમાં છે. પુદ્ગલની ક્રિયા આત્મામાં નથી અને આત્માની ક્રિયા પુદ્ગલમાં નથી. બંનેને અત્યંત ભેદ છે. બહારથી કોઈ જોવા માગે તો એ અંતરનો કાર્યક્રમ બહારથી જોવામાં આવતો નથી. અંતરનો કાર્યક્રમ અંદરમાં હોય છે, બહારનું બધું બહારમાં હોય છે.

આત્માની જે વિધિ હોય તેનો કાર્યક્રમ અંતરમાં હોય છે. સાધકોની વિધિનો કાર્યક્રમ અંતરમાં હોય છે. શરીરનાં જે કાર્યો થાય છે તે બહારનો કાર્યક્રમ છે, શુભભાવની જે ક્રિયા છે તે શુભભાવ પણ બહારથી દેખાવા યોગ્ય બહારનો કાર્યક્રમ છે. ભેદજ્ઞાનની પરિણતિનાં કાર્યો અંતરમાં ચાલે છે. એટલે કે સાધ્ય- સાધકભાવનો કાર્યક્રમ અંતરમાં થાય છે અને તે તો ક્ષણે ક્ષણે ચાલતો જ હોય છે. તેમાં આ ટાઈમે આ કરવું અને આ ટાઈમે આમ કરવું એવું હોતું નથી.

દૃષ્ટિ અને જ્ઞાનની પરિણતિનો કાર્યક્રમ સદાને માટે ચાલતો હોય છે, તેમાં ખંડ હોતો જ નથી. તે કાર્યક્રમ સદાને માટે ધારાવાહી હોય જ છે. જે સદાય ચાલુ જ છે તેને કાર્યક્રમ શું કહેવો ? તે તો સદાને માટે હોય જ છે. તેમાં નવીન કરવાનું નથી, તે તો નિરંતર ચાલે જ છે.

સાધકનો કાર્યક્રમ-ભેદજ્ઞાનની પરિણતિનો ને સ્વાનુભૂતિનો કાર્યક્રમ તો સદાને માટે હોય જ છે, શુદ્ધાત્માની શુદ્ધ પર્યાયો—નિર્મળ પર્યાયો પ્રગટ થાય જ છે. તો પછી તેને માટે 'કાર્યક્રમ' એમ શું કહેવું ? તે તો સદાનો જ છે. જે કાર્ય થતું હોય તેમાંથી બીજું કાર્ય થાય તો કાર્યક્રમ કહેવાય કે આટલું કાર્ય અત્યારે, આટલું કાર્ય પછી ને આટલો કાર્યક્રમ આમ કરવો. પણ જે સદાયનું છે તેને 'કાર્યક્રમ'નું નામ શું આપવું ? (ક્રમશઃ) ❊

**આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્ગલમયી કર્મો વિષે,**
**તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને ? ૧૦૪. –શ્રી સમયસાર**

## બાળ વિભાગ

# ચૈતન્ય હીરો

### (જન્મ-દિવસ પર માતાના આશીર્વાદ)

(ચૈતન્ય હીરાની કિંમત તો જ્ઞાની જ સમજાવી શકે છે. આખી દુનિયાના રૂપિયા પૈસા કે જડ રત્નોથી ચૈતન્ય-હીરાની કિંમત આંકી શકાતી નથી. તેની કિંમત તો સ્વાનુભૂતિથી જ થઈ શકે છે. અહા! જેની કિંમત કેવળી ભગવાન બરાબર છે એવો કિમતી ચૈતન્ય હીરો આપણી પાસે છે જ. તોપણ આ મૂર્ખ જીવ બાહ્યસંપદા પાસેથી સુખની ભીખ શા માટે માગે છે? સુખ પ્રાપ્ત કરવું હોય તો અતૂટ આનંદથી પરિપૂર્ણ ચૈતન્યહીરાને પારખી લે. બહારમાં ગોતા ખાતા-ખાતા વ્યર્થ સમયને ન ગુમાઓ.—આવી સમજ અને પ્રેરણા આપવાવાળી ચૈતન્યહીરાની આ કથા છે.)

ભારતમાં એક નગર હતું. સ્વર્ગ સમાન આ સુંદર નગરમાં બે મિત્રો રહેતા હતા. એકનું નામ જિનકુમાર અને બીજાનું નામ લક્ષ્મીકુમાર હતું.

જિનકુમારની માતા હીરાબેને તેને ધર્મના સુંદર સંસ્કાર આપ્યા હતા. તે ગરીબ હતો. તેની પાસે ઘણો ધન-વૈભવ ન હતો. ઘર પણ નાનું હોવા છતાં તેના ઘરમાં ઉત્તમ સંસ્કારોથી તેનું જીવન સુખી હતું. ગરીબ હોવા છતાં ધર્મસંસ્કારને ધારણ કરવાથી તે સંતોષી અને સુખી હતો.

બીજો મિત્ર લક્ષ્મીકુમાર હતો. તેના ઘરમાં ધનવૈભવ, હીરા ઝવેરાત ઘણા પ્રમાણમાં હતા છતાં તે સુખી ન હતો. કારણ કે તેના ઘરમાં ધર્મના સંસ્કાર બિલકુલ ન હતા. બાહ્ય વૈભવના મોહથી તે દુઃખી હતો.

જે દિવસે લક્ષ્મીકુમારનો જન્મદિવસ હતો તે જ દિવસે જિનકુમારનો પણ જન્મદિવસ હતો. બંને મિત્રોએ મળીને ઘણો જ આનંદ મનાવ્યો. જન્મદિનની ખુશાલીમાં લક્ષ્મીકુમારના પિતા ધનજીશેઠે તેને ઘણા પ્રકારની મીઠાઈઓ ખવડાવી. કિમતી વસ્ત્ર પહેરાવ્યા અને સુંદર વીંટી પહેરાવી જેના વચ્ચે એક સુંદર હીરો ઝગમગી રહ્યો હતો.

તે જ સમયે જેના ઘરની પાસે જ જિનકુમારના નાના ઘરમાં પણ તેનો જન્મ દિવસ મનાવાઈ રહ્યો હતો. તેની પાસે સુંદર વસ્ત્રો અને મીઠાઈ પણ ન હતી. ત્યાં તો તેની માતા પોતાના પ્રિયપુત્રને પ્રેમપૂર્ણ આશીષથી જ્ઞાનનો મધુરરસ પીવડાવી રહી હતી. ભક્તિભાવથી ચરણોમાં નમસ્કાર કરવાવાળા પુત્રને માતા કહેતી હતી કે હે બેટા! બાજુના મહેલમાં જે રીતે બાહ્ય ઠાઠ-બાટથી તારા મિત્રનો જન્મદિવસ મનાવાઈ રહ્યો છે તેવા ઠાઠ-બાટ તારા જન્મદિવસ પર આપણા આ ઝૂપડામાં નથી પરંતુ તેથી તું એમ ન માનતો કે આપણે ગરીબ છીએ. બેટા! તું ખરેખર ગરીબ નથી તારી પાસે તો અપાર સંપત્તિ છે.

જિનકુમારે આશ્ચર્યથી કહ્યું—વાહ! અહીં આપણને ખાવા માટે પણ મુશ્કેલીથી મળે છે

તોપણ તું કહે છે કે આપણે ગરીબ નથી.

માતાએ કહ્યું — બેટા! તને ખબર નથી કે તું કોણ છે?

પુત્રએ કહ્યું — હું જિનકુમાર છું.

માતાએ કહ્યું — આ તો તારું નામ છે. પરંતુ તારામાં શું છે? તેની તને શું ખબર નથી?

તે તો જિનવરનો સંતાન હતો. તેની માતાએ તેને ધર્મના સંસ્કાર આપ્યા હતા. જૈન બાળપોથીના પાઠ તે જાણતો હતો.

ત્યારે માતાને જવાબ દેતા તેણે ઉત્સાહથી કહ્યું હે માતા! તારી પાસે જ હું શિખ્યો છું કે હું જીવ છું. મારામાં જ્ઞાન છે, હું જિનવરનો સંતાન છું.

માતાએ કહ્યું—ધન્ય બેટા! તને ધર્મ સંસ્કાર આપી હું ગૌરવનો અનુભવ કરું છું. બાહ્યના ધનના અભાવમાં ભલે આપણે ગરીબ હોઈએ પણ અંદરના જ્ઞાનવૈભવના કારણે આપણે ગરીબ નથી. તારામાં અનંત ચૈતન્ય ગુણો છે તેને જાણી તું સમ્યક્ત્વ રત્નને પ્રાપ્ત કર અને તેના આનંદને તું ભોગવ. આજ તારા જન્મદિવસે મારી ભેટ છે. તારા ચૈતન્ય હીરાને તું પ્રાપ્ત કર અને સુખી થા આ જ મારા મંગલ આશીષ છે.

વાહ! મારી માતાએ મને ચૈતન્યહીરો આપ્યો એવો વિચાર કરી તે ઘણો જ ખુશ થયો. એ જ સમયે તેનો મિત્ર લક્ષ્મીકુમાર મીઠાઈ લઈને આવ્યો. બંને મિત્રો આનંદથી એકબીજાને મળ્યા. લક્ષ્મીકુમારે હીરામાતાના ચરણસ્પર્શ કર્યા અને માતાએ તેને આશીર્વાદ આપ્યા.

લક્ષ્મીકુમારે કહ્યું—હે માતાજી! આ અમારા ત્યાંથી મીઠાઈ મોકલવામાં આવી છે. માતાએ મીઠાઈ લઈ બંને બાળકોને ખવડાવી અને પૂછ્યું બેટા! તારા પિતાજીએ તને આજે શું ભેટ આપી?

લક્ષ્મીકુમારે કહ્યું — હે માતા! પિતાજીએ મને એક સુંદર વીંટી આપી કે જેમાં કિમતી હીરો જડેલો છે. ત્યારે તેણે જિનકુમારને પૂછ્યું : તારી માતાએ તને શું ભેટ આપ્યું?

જિનકુમારે કહ્યું — ભાઈ! અમારી પાસે આવા હીરા-જવેરાત તો નથી પણ મારી માતાએ આજ મને ચૈતન્યહીરો બતાવ્યો છે. વાસ્તવમાં ચૈતન્યહીરો આપી મારી માતાએ મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. ચૈતન્યહીરાની તો શું વાત?

આ પ્રમાણે આનંદપૂર્વક વાત-ચિત કરતા કરતા બંને મિત્રો ફરવા ગયા. તેઓ ગામના ખુલ્લા મેદાનમાં ખૂબ ફર્યા, ઘણી વાતો કરી અને જ્યારે દિવસ આથમવા લાગ્યો તો બંને મિત્રો પોતપોતાના ઘેર પાછા ગયા.

જિનકુમારના ઘરમાં તો કોઈ રાત્રિભોજન કરતું ન હતું. તે તો ઘેર જઈને પોતાની માતા પાસે ધર્મકથા સાંભળવા બેસી ગયો. અહીં લક્ષ્મીકુમારના ઘેર ભોજનની તૈયારી ચાલી રહી હતી. ઘણા મહેમાનો ઉપસ્થિત હતા. ભોજનના પહેલા જ્યારે લક્ષ્મીકુમાર હાથ ધોઈ રહ્યો હતો ત્યારે તેના પિતાની નજર તેના હાથ ઉપર પડી. અને હાથની વીંટીમાં હીરો ન

દેખતા તેઓએ તરત પૂછ્યું : બેટા ! તારી વીંટીમાંથી હીરો ક્યાં ગયો ?

ત્યારે લક્ષ્મીકુમારે પોતાની વીંટી તરફ જોયું તેમાં હીરો ન જોઈ તે ગભરાઈ ગયો. અરે ! વીંટીમાં તો હીરો નથી. બાપુ હીરો ક્યા ગયો તેની મને ખબર નથી. તેની વાત સાંભળી પિતાજી ઘણા ગુસ્સે થયા. અરે ! આજે જ સવારે આવા અણમોલ હીરાવાળી વીંટી આપી હતી જેનો હીરો સાંજે ખોવાઈ ગયો. તે તેમનાથી સહન ન થયું. આવી સ્થિતિમાં તેઓ સમાધાન પણ કેવી રીતે કરે ? ધર્મના સંસ્કાર તો તેમનામાં હતા નહીં. તેથી તેઓ જે પુત્રના જન્મનો આનંદ મનાવી રહ્યા હતા તે જ પુત્ર ઉપર ક્રોધ કરવા લાગ્યા, તે પુત્ર ડરી ગયો અને રોવા લાગ્યો.

અરે ધિક્કાર છે આ સંસારને ! જ્યાં હર્ષ-શોકની છાયા બદલતી જ રહે છે. હીરાની શોધ માટે પૂછપરછ ચાલુ થઈ. લક્ષ્મીકુમારે બતાવ્યું તે તો આજે પોતાના મિત્ર જિનકુમારના ઘર સિવાય બીજે ક્યાંય ગયો નથી.

લક્ષ્મીકુમારના પિતાએ વિચાર્યું કે જિનકુમાર ઘણો જ ગરીબ છે તેથી તેની માતાએ જરૂર લક્ષ્મીકુમારની વીંટીમાંથી હીરો કાઢી લીધો હશે અને પોતાના પુત્ર જિનકુમારને આપી દીધો હશે ? આવો વિચાર કરી લક્ષ્મીકુમારના પિતા તેના ઉપર ક્રોધ કરી તેની નિંદા કરવા લાગ્યા અને લક્ષ્મીકુમારને કહ્યું જા તારા મિત્ર જિનકુમારને બોલાવી લાવ.

ત્યારે લક્ષ્મીકુમારે ડરતા ડરતા પિતાને કહ્યું 'બાપુજી ! મારો મિત્ર ઘણો સંસ્કારી છે તેણે મારો હીરો લીધો નથી કારણ કે મિત્રના ઉંચા સંસ્કારની સુંદર છાપ તેના ઉપર પહેલાથી જ પડી હતી.

પિતાજીએ ડબડાવીને કહ્યું : તેના સિવાય આ હીરો બીજાની પાસે હોય જ નહીં તેથી તું જલ્દી જઈને તેને બોલાવી લાવ.

લક્ષ્મીકુમાર તો ગભરાઈને જિનકુમારના ઘેર આવ્યો, તેને જોતા જ જિનકુમાર ઘણો જ આનંદિત થયો અને કહ્યું : આવો મિત્ર ! પરંતુ આ સમયે તું અચાનક કેમ આવ્યો ?

લક્ષ્મીકુમારે કહ્યું — મારા પિતાજીએ તને હમણા જ બોલાવ્યો છે તેથી તું હમણા જ ચાલ. બંને મિત્રો ચાલવા લાગ્યા. રસ્તામાં જિનકુમારે કહ્યું મિત્ર ! તું ઘબરાયેલો કેમ લાગે છે ? લક્ષ્મીકુમારે કહ્યું : ભાઈ શું કહું મારો હીરો ગુમ થઈ ગયો છે તેથી પિતાજીએ તને બોલાવ્યો છે ત્યાં પહોંચતા ધનજી શેઠે પૂછ્યું જિનકુમાર ! બોલ તને શું હીરો મળ્યો છે ? નિર્દોષ જિનકુમારના મનમાં તેની માતાએ બતાવેલી ચૈતન્યહીરાની વાત ચાલી રહી હતી. તેથી ધુનમાં તેણે કહ્યું હા પિતાજી, મારી માતાએ આજે જ મને એક અદ્‌ભુત હીરો બતાવ્યો છે. ઝવેરાતનો હીરો તો તેણે જોયો જ ન હતો. તેના મનમાં તો ચૈતન્યહીરો જ ઘુમરાઈ રહ્યો હતો. પરંતુ ધનજીશેઠના મનમાં વીંટીનો હીરો ઘુમરાઈ રહ્યો હતો. ચૈતન્યહીરાની વાત તો તેમણે સાંભળી જ નહોતી. તેથી તેઓએ તુરંત કહ્યું : (ક્રમશઃ) ❊

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર સોળમી વારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

### * પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૫મો સમ્યક્ત્વજયંતી મહોત્સવની મંગલ પત્રિકા લેખનવિધિ *

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૫મો સમ્યક્ત્વજયંતી મહોત્સવ શ્રી સુરત દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, સુરત દ્વારા ઊજવાઈ રહ્યો છે. આ મહોત્સવની પત્રિકા લેખનવિધિ મહા વદ-૨, તા. ૧૨-૨-૨૦૧૭, રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે. તો મંગલ અવસરે સર્વે મુમુક્ષુઓને પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે.

### * શ્રી સીમંધરસ્વામી જિનમંદિરનો ૭૭મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ *

સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૭૭મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ મહાવદ-૧૦, તા. ૨૧-૨-૨૦૧૭, મંગળવારથી તા. ૨૮-૨-૨૦૧૭ ને મંગળવાર ફાગણ સુદ-૨ સુધી શ્રી વીસ વિહરમાન જિન મંડલ વિધાન, જિનેન્દ્ર ભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ તથા વિભિન્ન કાર્યક્રમપૂર્વક સહ ઉજવવામાં આવશે.

---

## વૈરાગ્ય સમાચાર :–

અંધેરી(વેસ્ટ) નિવાસી દિનેશભાઈ ગોરધનદાસ શાહ (ઉ.વ. ૭૮) તા. ૦૯-૮-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

રાણપુરનિવાસી (હાલ ઘાટકોપર-મુંબઈ) શ્રી નિરંજનભાઈ મહાસુખલાલ શેઠ (ઉ.વ. ૬૩) તા. ૧૯-૧૦-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓ વારંવાર સોનગઢ આવીને ધર્મલાભ લેતા હતા.

ગોરેગાંવ (મુંબઈ) નિવાસી ચંદ્રકાંત વ્રજલાલ વોરા (ઉ.વ. ૭૬) તા. ૨૮-૧૦-૨૦૧૬ના રોજ હાર્ટફેઈલથી દેવલાલી મુકામે દેહપરિવર્તન કરેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવી લાભ લેતા હતા.

વાંકાનેરનિવાસી (હાલ સોનગઢ) શ્રી મહેન્દ્રકુમાર પ્રભુલાલ સપાણી (ઉ.વ. ૭૩) તા. ૨૮-૧૧-૨૦૧૬ના રોડ મુંબઈ મુકામે દેહપરિવર્તન કરેલ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના જૂના અનુયાયી હતા. છેલ્લા ઘણા વર્ષોથી સોનગઢ સ્થાયી રહી તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા.

## (૪૩)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચેની ખાલી જગ્યા યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.

(૧) મોહ-ક્ષોભ રહિત આત્માના શુદ્ધ પરિણામ એ સમ્યક્................ છે. (જ્ઞાન, દર્શન, ચારિત્ર)

(૨) ઉપાદાન કારણ ................ હોય છે. (એક, બે, અનેક)

(૩) ''કાંઈક છે'' એવું નિર્ધાર રહિત જ્ઞાન તેને ................ કહે છે. (વિપર્યય, અનધ્યવસાય, સંશય)

(૪) સમ્યક્‌દર્શન અને સમ્યક્‌જ્ઞાન .................... થાય છે. (જુદા-જુદા, વારાફરતી, એકસાથે)

(૫) મોક્ષનો માર્ગ ................ છે. (ચાર, પાંચ, એક)

(૬) દ્વીન્દ્રિયથી માંડી અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ................ પર્યાપ્તિ હોય છે. (ચાર, પાંચ, છ)

(૭) સ્પર્શગુણનાં ................ પ્રકાર છે. (આઠ, પાંચ, ચાર)

(૮) અનંતાનુબંધી કષાયના અંતપૂર્વક બાકીના કષાયોનું આંશિક મંદ થવું તેને ............... કહે છે. (અસ્તિકાય, પ્રશમ, નિર્વેદ)

(૯) પર્યાયાર્થિકનયના ................ ભેદ છે. (છ, ચાર, ત્રણ)

(૧૦) સંવર અને નિર્જરાથી ................... પ્રાપ્ત થાય છે. (સંસાર, દેવગતિ, મોક્ષ)

(૧૧) મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિ સ્વર્ગના ............... વિમાન સુધી જઈ શકે છે. (અનુત્તર, ગ્રૈવેયક, અનુદિશ)

(૧૨) શિક્ષા અને ઉપદેશ ગ્રહણ કરવાની શક્તિ રહિત પ્રાણી ................. કહેવાય છે. (સંજ્ઞી, અસંજ્ઞી, ત્રસ)

(૧૩) આત્મા પરનું કાર્ય કરી શકે એમ માનનારે ................. અભાવ ન માન્યો. (અન્યોન્ય, પ્રાહ, અત્યંત)

(૧૪) સુષમા–દુઃખમા કાળમાં ................. ભોગભૂમિ હોય છે. (મધ્યમ, ઉત્તમ, જઘન્ય)

(૧૫) વ્રતની અપેક્ષા રાખવા છતાં તેનો એકદેશ ભંગ થવો તેને .................. કહેવાય છે. (અતિચાર, અનાચાર, શ્રાવકાચાર)

(૧૬) કર્મોની સ્થિતિ તથા અનુભાગના ઘટી જવાને .................. કહે છે. (અપકર્ષણ, સંક્રમણ, ઉત્કર્ષણ)

(૧૭) કુદેવ આદિની પ્રશંસા કરવી તે ............... છે. (મદ, મૂઢતા, અનાયતન)

(૧૮) આહારક શરીર એ ............... છે. (ભાવકર્મ, નોકર્મ, દ્રવ્યકર્મ)

(૧૯) કર્મની ૧૪૮ પ્રકૃતિ પૈકી મિથ્યાત્વ ગુણસ્થાનમાં ................. પ્રકૃતિની સત્તા હોય છે. (૧૨૨, ૧૨૮, ૧૪૮)

(૨૦) હિંસાદિ પાંચ પાપોનો સર્વથા ત્યાગ કરવો એને .............. કહે છે. (મહાવ્રત, અણુવ્રત, દિગ્વ્રત)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો ડિસેમ્બર-૨૦૧૬ના ઉત્તરો

(૧) ભરત અને બાહુબલી બંને ભાઈ હતા.

(૨) બાવીસમાં તીર્થંકર નેમિનાથ ગિરનારથી મોક્ષ પામ્યા.

(૩) મહાવીર ભગવાન પાવાપુરીથી મોક્ષ પામ્યા.

(૪) સોનગઢમાં ૬૩ ફૂટ ઊંચો માનસ્તંભ છે.

(૫) 'નમો અરિહંતાણં' એ મહામંત્ર છે.

(૬) સમયસાર શાસ્ત્રમાં ૪૧૫ ગાથાઓ છે.

(૭) આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે.

(૮) જીવને મોક્ષ વીતરાગી રત્નત્રયીથી થાય છે.

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ ઉમરાળામાં થયો હતો.

(૧૦) દિવાળીએ મહાવીર ભગવાનનો મોક્ષ થયો હતો.

(૧) અનંતા

(૨) જૈન

(૩) મનુષ્ય

(૪) સ્મૃતિ

(૫) અનંતા

(૬) વિકથા

(૭) ૮

(૮) મનુષ્ય

(૯) મનુષ્ય

(૧૦) દર્શન

## (૪૩)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો)

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની પહેલી ઢાળમાંથી મળશે.)

(૧) ૐ માં .............. ................ અને .................. ના ભાવ સમાયેલા છે.

(૨) સિદ્ધ ભગવંતો અને નિગોદિયા જીવો એક જગ્યામાં .............. છે.

(૩) સિદ્ધ કરતા નિગોદના જીવો ............. ગુણા છે.

(૪) ચાર ગતિમાં સૌથી થોડા જીવો .............. ગતિમાં હોય છે.

(૫) મનુષ્યના જ ભવ ઉપરાઉપરી ................ થઈ શકે છે.

(૬) પોતાના સવળા ભાવથી જીવ ............. અને અવળાભાવથી ............ થાય છે.

(૭) જીવને દુઃખ .................. નું છે.

(૮) આત્મા પોતાના ............... થી જ સુખી છે.

(૯) જીવ જાગે તો .................... માં કેવળજ્ઞાન લઈ શકે છે.

(૧૦) દેહ છૂટતા મરણની બીક ............. ને હોય છે.

(૧૧) ............ ની જમીનનો સ્પર્શ હજારો ............... ના ડંખ જેવો હોય છે.

(૧૨) જીવોને સ્વર્ગ અને નરક ........... અને ........... ફળ ભોગવવાના સ્થાન છે.

(૧૩) સિદ્ધપદના સુખમાં જીવ ............. કાળ રહે છે.

(૧૪) નરકનું આયુ ............. ને જ બંધાય, સમ્યક્દૃષ્ટિને ............... બંધાય.

(૧૫) નરકના જીવો ................. સંજ્ઞી હોય છે.

(૧૬) જીવને જેટલી ............. તેટલું સુખ અને જેટલો ............ તેટલું ........... છે.

(૧૭) નરકમાંથી જીવ નીકળી .............. થાય કાં તો .......... થાય.

(૧૮) મોંઘું મનુષ્યપણું પામી ................. પ્રગટ કરવું અપૂર્વ છે.

(૧૯) ચંદ્ર અને સૂર્ય દેખાય છે તે ............. દેવોના વિમાનો છે.

(૨૦) સ્વર્ગ અને નરકમાં ............... જીવો સુખી હોય છે.

# બાળકો માટેના આપેલ
# પ્રશ્ન ડિસેમ્બર–૨૦૧૬ના ઉત્તર

(૧) ૨ દેવ, ૩ ગુરુ

(૨) અનંત જીવ

(૩) સુખ

(૪) દુઃખથી

(૫) નિજાત્માને
(શુદ્ધાત્માને, આત્માને)

(૬) વીતરાગવિજ્ઞાન

(૭) પોતાનું – પોતાને

(૮) અનંતા

(૯) સિદ્ધ

(૧૦) મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર

(૧૧) અનંતા

(૧૨) શુદ્ધાત્મા

(૧૩) અસંખ્યાતા

(૧૪) મન–વિચારશક્તિ

(૧૫) અસંખ્યાતા

(૧૬) મિથ્યાત્વ

(૧૭) મોક્ષમાર્ગ

(૧૮) વીતરાગ વિજ્ઞાન

(૧૯) મોક્ષ

(૨૦) વીતરાગ વિજ્ઞાનતા

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

**શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહિલા મંડળ,**

**આનંદોલ્લાસ સહ અધ્યાત્મ સાધનાતીર્થ સુવર્ણપુરીમાં ઊજવે છે**

# પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો

# ૧૨૮મો

# મંગલ જન્મજયંતી મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો આગામી ૧૨૮મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ (સુવર્ણપુરી)માં શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહિલા મંડળ દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદ્નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૨૮મો જન્મજયંતી (વૈશાખ સુદ ૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૨૪-૪-૨૦૧૭ સોમવારથી તા. ૨૮-૪-૨૦૧૭, શુક્રવાર—પાંચ દિવસ ઉજવાશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે.

દરેક ગામના મહિલા મંડળે આ જન્મજયંતી ઉજવવામાં અવશ્ય ભાગ લેવો.

નિમંત્રક

શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહિલા મંડળ

પ્રમુખ

શ્રી પ્રવીણાબેન કાંતીલાલ કામદાર, ચેન્નઈ – શ્રી શારદાબેન શાંતિલાલ શાહ, મુંબઈ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● ક્રોધમાં રંગાયેલો કહે કે અમે ક્રોધના જ્ઞાતા છીએ તો એમ નથી એ તો ક્રોધથી રંગાયેલો છે. જ્ઞાતા નથી. જ્ઞાનથી જે રંગાયેલો છે. એ જ ક્રોધના પરિણામનો જ્ઞાતા છે. ૧૯૬.

● ભાઈ ! તું વિશ્વાસ લાવ કે મારા આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભુલાઈ જાય એવી વસ્તુ હું છું. ૧૯૭.

● પાત્ર થવું કઠણ છે વાતું કરતાં શીખી ગયો એટલે હું સમજી ગયો એમ માને તો એમ નથી આ તો બાપુ સમજવું બહું દુષ્કર છે, કેટલી પાત્રતા, કેટલી સજ્જનતા, કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય. ૧૯૮.

● અહો ! જેના આનંદની એક ક્ષણી લહેજતમાં—લહેરકીમાં ત્રણલોકના સુખ વિષ જેવા લાગે, ઝેર જેવા લાગે, તરણા જેવા તુચ્છ લાગે એવો ભગવાન આત્મા છે. ૧૯૯.

● અમારો ચૈતન્ય ઉપયોગ હણાતો જ નથી. હણાય તેને ઉપયોગ જ કહેતાં નથી. પણ પ્રભુ ! કેવળજ્ઞાન નથી ને ! કેવળજ્ઞાનનું કામેય શું છે ? કેવળજ્ઞાનની ખાણ હાથમાં આવી છે તેને કેવળજ્ઞાન આવશે જ. ૨૦૦.

● પરમાત્મદશા એ પણ દ્રવ્યમાં નથી, એનાથી રહિત છે. આહાહા ! દ્રવ્ય ઉપર લક્ષ ગયા વિના એને પ્રતીતિમાં જોર આવી શકતું નથી, જોર આવતું જ નથી. પર્યાયનું લક્ષ છોડીને હું તો આ વર્તમાનમાં છું—એમ દ્રવ્યમાં ભળી જાય છે ત્યારે જ પ્રતીતિમાં જોર આવી શકે છે. ૨૦૧.

● ભગવાન આત્મા જ્ઞાનની લહેરે ઊછળતો, પરના કામ અને રાગના કામ મારા (જ્ઞાતાદષ્ટા) નહીં. એમ દૃષ્ટિ કરતાં કેવળજ્ઞાનને કાંઠે આવીને ઊભો છે. ૨૦૨.

● રાગ હોવા છતાં સાધકના હૃદયમાં સિદ્ધ ભગવાન કોતરાયેલા છે. ૨૦૩

● કર્મનો ઉદય ભવિષ્યમાં કેવો આવશે એમ નહીં જો ! પણ હું ભવિષ્યમાં એવો આવીશ (—થઈશ) કે પુરુષાર્થ લાગુ પડી ગયો તો ક્ષણમાં કેવળજ્ઞાન લાવીશ. ૨૦૪.

● કાગળ ઉપરના (ચિતરેલા) દીવા ખડને બાળે નહીં, તેમ એકલા શાસ્ત્રના જ્ઞાને સંસાર બળે નહીં. ૨૦૫.

Posted at Songadh PO
Publish on 1-1-2017
Posted on 1-1-2017

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org